प्रेमी परवाडा
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેમી પંખીડાં



२४ जा
७

• નિરંજન વર્મા • જયમલ્લ પરમાર •

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

✽ ओ३म् ✽

पुस्तक-संख्या 24 ग/6

पंजिका-संख्या 29663/26.3.2003

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પક્ષી-પરિચય ગ્રંથાવલિ: પુ. ૬

પ્રેમી પંખીડાં

ऋते ज्ञानान्न मुक्तिः
पुस्तक सं० 58 ग/6
आगत सं० 27663
तिथि० 26-2-2014
गुरुकुल ग्रन्थालय काँगड़ी.

લેખકો
નિરંજન વર્મા
જયમલ્લ પરમાર

CHECKED 1973
Initial

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

ભારતી સાહિત્ય સંઘ
૧૩૮, મેડોઝ સ્ટ્રીટ, કોટ, મુંબઇ
૧૬, શ્રીમાળી સોસાયટી, અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અરુણ પુસ્તકમાળા

આવૃત્તિ પહેલી

૧૦૦૦

જૂન - ૧૯૪૪

[સર્વ હક્ક લેખકોને સ્વાધીન]

મૂલ્ય

૦-૧૦-૦

• પ્રકાશક •
લક્ષ્મીદાસ પુરુષોત્તમ ગાંધી
ભારતી સાહિત્ય સંઘ
શ્રીમાળી સોસાયટી • અમદાવાદ

• મુદ્રક •
ચંદુલાલ જેઠાલાલ વ્યાસ
સ્વાશ્રય મુદ્રણાલય
સૌરાષ્ટ્ર રોડ • રાણપુર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્પણ

રમા, શૈલુ, દેવી, ભરત અને શ્રીમતીને

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

ગુજરાતી બાલસાહિત્યમાં પક્ષી વિષે શાસ્ત્રીય જ્ઞાન આપનારાં પુસ્તકો હજી સુધી બહાર પડયાં નથી. એકાદ-બે પુસ્તિકાઓ બહાર પડી છે ખરી, પણ એ આ વિષયની ખોટ પૂરી પાડી શકે તેવી નથી. આ 'પક્ષી-પરિચય ગ્રંથાવલિ'નો ઉદ્દેશ એ ખોટને પૂરી પાડવાનો છે.

તદ્દન શાસ્ત્રીય જ્ઞાન બાળકોને અઘરું ન થઈ પડે એ માટે તેની લેખનશૈલીને રસિક કરવા માટે બાળકો નાનપણથી જે જોડકણાં, ગીત અને વાર્તાઓ દ્વારા સહેજે પક્ષીઓના પરિચયમાં આવેલ હોય છે તેનો આમાં ઉપયોગ કર્યો છે. અલબત્ત, એ ગીતો-વાર્તાઓમાં જે વસ્તુ અ-શાસ્ત્રીય માલૂમ પડી છે એ તરફ શાસ્ત્રીય હકીકત રજૂ કરી લક્ષ દોરવામાં આવ્યું છે.

દરેક પુસ્તિકામાં આપેલ પક્ષી-ઓનું ઝૂમખું શાસ્ત્રીય વર્ગીકરણ પ્રમાણે નથી ગોઠવ્યું, પણ બાળકોનું આકર્ષણ સાદ્યંત જળવાઈ રહે એ હેતુથી પક્ષીઓના ઓછા-વધતા સ્વ-ભાવસામ્યને ખ્યાલમાં રાખીને ગોઠ-વ્યું છે.

નિરંજન વર્મા
જયમલ્લ પરમાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેમી પંખીડાં

૧. હંસ

૨. સારસ

૩. કુંજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અ • નુ • ક્ર • મ

૧. હંસ ૭–૨૮

૨. ચકવો–ચકવી ૨૪

૨. સારસ ૨૯–૪૫

૩. કુંજ ૪૬–૬૭

૨. કુલંગ અથવા ઘઉંલાં ૬૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનસરોવરના વાસી

હંસ

ઉત્તરાખંડમાં એક રાજા રાજ કરે. રાજાને સાત રાણી. છ માનીતી, એક અણમાનીતી. અણમાનીતીને એક કુંવર. તેને કોઈ બોલાવે નહિ. કુંવર તળાવની પાળે જઈને બેસે અને રાજહંસની સાથે રમ્યા કરે. હંસની સાથે એને ભાઈબંધી થઈ ગઈ.

રાજહંસ

ભગવાનને કરવું છે તે રાજાને કોઢ નીકળ્યો. દેશદેશના વૈદ આવ્યા. કહ્યું કે રાજહંસના લોહીથી સ્નાન કરો તો કોઢ જાય. રાજાના નોકર તળાવે ઊપડ્યા. હજારો હંસ ઊડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયા પણ એક હંસ પકડાઈ ગયો. પીંજરામાં પૂરીને એને મહેલમાં લાવ્યા.

હંસને પોતાના મોતની ખબર પડી ગઈ. ન ખાય ન પીએ–આખો દિવસ ઝૂર્યા કરે. કુંવરને ખબર પડી. એ રાજહંસને મળવા ગયો.

હંસ કહે: 'આમાંથી એકવાર છોડાવ તો તારો ઉપકાર ન ભૂલું!'

કુંવરને રાજહંસ વહાલા હતા જ. પીંજરાનું બારણું એણે ઉઘાડી નાખ્યું. હંસ બહાર નીકળી ગયો. ઊડતાં ઊડતાં એ કહેતો ગયો કે રાજા તને દેશવટો દે તો ઉત્તર દિશામાં બાર વન ઓળંગીને પીપળો છે ત્યાં આવજે. હું તારી વાટ જોઈશ.

રાજાને અણમાનીતીના કુંવરે હંસને ઉડાડી દીધાની ખબર પડી. તરત રાજાએ એ કુંવરને કાળો ઘોડો ને કાળો પોશાક આપી રાજમાંથી દેશવટો દીધો. કુંવર રાજ બહાર નીકળી ગયો. ઉત્તર દિશાનો એણે તો માર્ગ લીધો. બાર બાર વન વટાવીને હંસે કહેલ પીપળે એ પહોંચ્યો.

હંસ પીપળે બેઠો કુંવરની વાટ જુએ છે. કુંવરને દેખીને એ રાજી થયો. પોતાની પાંખ પર કુંવરને બેસાડીને માન-સરોવર તરફ એ ઊપડ્યો. માનસરોવરને કાંઠે એક મહેલ. તેમાં કુંવરને ઉતારો દીધો. કુંવર ત્યાં રહે–ખાય, પીએ અને મજા કરે.

આમ કરતાં કરતાં છ માસ વીતી ગયા. કુંવર ઉદાસ થવા લાગ્યો.

હંસ પૂછે: 'કેમ કુંવર ઉદાસ દેખાઓ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુંવર કહે : 'એકલું એકલું કેમ ગમે ?'

હંસ કહે : 'તો ચાલો તમને કંકુવરણી કુંવરી પરણાવું, પછી કાંઈ ?'

હંસ કુંવરને લઈને ઊડયો. ઊતર્યો એક શહેરમાં. એ શહેરની કુંવરી અખંડ વ્રત પાળે. ગામની બહાર એકદંડિયા મહેલમાં રહે. પુરુષનું મોં ન જુએ. રોજ ફૂલથી કુંવરીનાં વજન થાય. હંસે કુંવરને રાજકુંવરીના મહેલ પાસે ઉતારી દીધો અને પોતે પાસેના પીપળાના ઝાડ પર જઈને બેઠો.

જેવો કુંવર મહેલમાં ગયો કે કુંવરી એને નીરખી રહી. એ તો મોહી પડી. સવાર સુધી કુંવર સાથે ચોપાટ રમી. સવારે કુંવર ત્યાંથી નીકળી ગયો.

સવારે રાજકુંવરીનો તોલ કરે ત્યાં એક છાબડી ફૂલ વધી ગયાં. રાજાને થયું કે કુંવરી પાસે કોઈ આદમી પહોંચ્યો લાગે છે. માણસને પકડવા એણે તરકીબ રચી. મહેલને દરવાજે દરવાજે અને દોઢીએ દોઢીએ રંગના હોજ રચી દીધા.

બીજી રાત્રે કુંવર પાછો આવ્યો. રાતના અંધારામાં એ તો રંગના હોજમાં જઈ પડયો. તરત તે પાછો વળ્યો. રંગવાળાં કપડાં ધોવા એણે ધોબીને દીધાં.

રાજાના નોકરોએ એ કપડાં જોયાં અને ધોબીને કહ્યું : 'આ કપડાં કોનાં ? બતાવ એ માણસ.'

ધોબીએ તો કહ્યું: 'કોઈ મુસાફર દઈ ગયો છે.'

રાજાના નોકર ત્યાં બેઠા. બીજે દિવસે કુંવર કપડાં લેવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યો અને તેને પકડયો. લઈ ચાલ્યા રાજા પાસે. રાજાએ એને ફાંસીની સજા કરી. કુંવરને ફાંસિયા ફાંસી દેવા ચાલ્યા.

ફાંસી દેતાં પહેલાં ફાંસિયા કહે : 'બોલ, છે કાંઈ મનની ઇચ્છા ?'

કુંવર કહે : 'બસ, આ પીપળાનાં એકાદ-બે પાન ઉપર જઈને ખાવાં છે.'

ફાંસિયા હસી પડ્યા. તેમને થયું કે મુસાફરનું મગજ ફરી ગયું લાગે છે.

કુંવર જેવો પીપળા માથે ચડયો કે રાજહંસ આવી પહોંચ્યો. કુંવરને પાંખ પર બેસાડીને એ તો ઊપડયો કુંવરીના મહેલ તરફ. કુંવરી પણ વાટ જોતી બેઠી હતી. તેને પણ પાંખ પર લીધી અને ઊપડયો માનસરોવર તરફ. કુંવરને મહેલ પાસે ઉતારી દીધો. રાજકુંવરી સાથે કુંવરે ગાંધર્વ લગ્ન કર્યું અને મહેલમાં રહેવા લાગ્યો. કુંવર રાણી સાથે આનંદ કરે છે.

બીજા છ માસ વીતી ગયા. કુંવર વળી ઉદાસ થયો.

હંસ પૂછે : 'કેમ કુંવર ઉદાસી ?'

કુંવર કહે : 'મા યાદ આવ્યાં. વતન યાદ આવ્યું.'

હંસ કહે : 'મારાં પીછાં ખરી ગયાં છે. પાંખમાં જોર નથી. છ માસ રાહ જોવી પડશે.'

છ માસે હંસ કુંવર તથા રાણીને લઈને ઊપડયો ઉત્તર-ખંડ તરફ. સાથે હંસનાં ટોળાં પણ ઊડયાં આવે છે. રાજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મરણ-પથારીએ છે. એકના એક કુંવરને દેશવટો દીધાથી દુઃખી થયા છે. કુંવરને ઝંખ્યા કરે છે. કુંવર પાછો આવ્યાના સમાચારથી રાજા રાજી રાજી થઈ ગયા. કુંવરને છાતીએ દાબ્યો.

રાત્રે બધા હંસ મહેલને છાપરે બેઠા. સવાર પડતાં છાપરું ચરકથી ભરાઈ ગયું. હંસ કુંવરને કહે : 'આ ચરકથી રાજાને સ્નાન કરાવો તો કોઢ જશે.' રાજાને ચરકથી નવરાવ્યા અને કંચનવરણી કાયા થઈ ગઈ.

રાજાએ કુંવરને રાજગાદી આપી અને હંસને માટે તળાવ બંધાવ્યાં. સૌએ આનંદમાં વર્ષો વિતાવ્યાં.

*

શાહ સોદાગરને મરી ગયા વર્ષો વીતી ગયાં છે. સોદાગરનો જુવાન દીકરો ફૂલ-સોદાગર બગીચાઓમાં આથડ્યા કરે છે. ડોશીમાએ કહ્યું : 'બેટા, ઘરમાં ખાવા હવે કાંઈ રહ્યું નથી. તારા બાપનાં વહાણ નાંગર્યાં તારી વાટ જુએ છે.'

ઘેર ઘરડી મા, બેન અને વહુને મૂકીને ફૂલ-સોદાગરે તો વહાણ હંકારી મૂક્યાં. સાત સમદર વટાવીને લીલખંડ ધરતી માથે ડેરા-તંબૂ નાખ્યા. રાત પડી ગઈ. પૂનમનો ચાંદો ધરતીને ધોળી રહ્યો છે.

ડેરા-તંબૂને પડખે વડલો ઝૂકી રહ્યો છે. વડલા માથે હંસ-પંખી અને હંસ-પંખણીનો માળો. બેઠાં બેઠાં વાત કરે કે, 'હે હંસ-પંખણી! કેવાં રૂપાળાં ચોઘડિયાં! આ આસો પૂનમની રાતે જો આ ફૂલ-સોદાગર એને ઘેર હોય તો વહુને નવ માસે ચાંદાવરણો દીકરો અવતરે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હંસ-પંખણી કહે, 'હંસ પંખી ! આવી નકામી વાત કાં કરો ? ક્યાં અહીં બેઠેલ ફૂલ-સોદાગર અને ક્યાં સાત સમદર-પાર બેઠેલ એની વહુ ! એના મેળાપ ક્યાંથી થાય ?'

હંસ-પંખી કહે, 'કહે તો આપણી પાંખ માથે બેસાડીને ફૂલ-સોદાગરને રાતોરાત તેને ઘેર એક પહોર રાખીને પાછાં વળી આવીએ.'

હંસ-પંખણી કહે, 'ભલે.'

ફૂલ-સોદાગર તો બેઠો સાંભળે છે. હંસ-પંખી નીચે ઊતર્યો કે પાંખ માથે પલાણી ગયો. ફરરરર કરતો હંસલો તો વિમાન ઊડે તેમ ઊડ્યો અને આંખના પલકારામાં ફૂલ-સોદાગરને ઘેર ઉતારી દીધો.

વહુ પાસે એક પહોર રાત ગાળી, પોતે આવ્યો હતો તેની નિશાની તરીકે હીરા-જડિત વીંટી આપી, પાછો હંસની પાંખ પર એ જઈ બેઠો. ફરરર કરતો હંસ ઊડ્યો અને સવાર પહેલાં તો વડલા હેઠ ફૂલ-સોદાગરને ઉતારી દીધો.

પાછળથી ફૂલ-સોદાગરની વહુને મહિના ચડ્યા. સાસુ-નણંદે તેને વંઠેલ ગણીને કાઢી મૂકી. વગડામાં દીકરો અવતર્યો. બાર વરસે જ્યારે ફૂલ-સોદાગર તેના ચાંદાવરણા દીકરાને અચાનક મળી ગયો ત્યારે હંસ-પંખી અને હંસ—પંખણીએ જ ગીત ગાઈને બાપ-દીકરાને એકબીજાની ઓળખાણ આપી અને ફૂલ-સોદાગરની વહુનાં કલંક ખોટાં ઠર્યાં. સૌ સાથે ઘેર આવ્યાં અને સુખમાં જીવન ગાળ્યાં.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનસાગરો પ્રધાન પોતાના રાજાને પાંચાળ દેશની કુંવરી પરણાવીને પાછો ફરે છે. રસ્તામાં રાત પડી. સાથે કુંવરીનો અપરંપાર દાયજો છે. વનરાવન વચ્ચે વિશાળ વડલા નીચે ડેરા નાખ્યા. રાજા ને રાણી નીંદરમાં ઢળી ગયાં છે અને મનસાગરો ઉઘાડી તલવારે પહેરો ભરી રહ્યો છે.

મધરાતનો વખત થયો ત્યારે મનસાગરને કાને કાંઈ અવાજ સંભળાયો. કાન માંડીને સાંભળે તો વડલા માથે રહેતાં હંસ-પંખી અને હંસ-પંખણી વાતો કરી રહ્યાં છે.

હંસ-પંખી કહે છે: 'હે હંસ-પંખણી ! આ રાજા-રાણી આજની રાત તો સુખચેનમાં સૂતાં છે, પણ રાજાને માથે મોત ચક્કર મારી રહ્યું છે. ઘાતો વાટ જોઈને બેઠી છે.'

હંસ-પંખણી પૂછે: 'કઈ કઈ ઘાતો ?'

હંસ-પંખી કહે: 'અહીંથી સવારે નીકળતાં જ વડની ડાળ માથે પડશે ને રાજા મરી જશે. એમાંથી બચે તો આગળ બે જીવતા ડુંગર આવશે. તે ભેગા થતાં રાજા ભીંસાઈ મરશે. એમાંથીયે બચે તો સોનાનો વેઢ રાજા લેવા જશે અને તે સરપ થઈને રાજાને કરડશે. એમાંથીયે બચે તો રાજાના સામૈયામાં આવેલો રેવત ઘોડો તોફાને ચડી રાજાને કચરી મારશે. એમાંથીયે બચે તો રાજાના માનમાં શણગારેલો દરવાજો તૂટી પડશે ને રાજા દબાઈ મરશે. આમાંથીયે જો બચશે તો રાત્રે સૂતાં હશે ત્યારે મહેલમાં કાળી નાગણી કરડશે અને રાજા મરી જશે.'

હંસ-પંખણી કહે: 'અરરર, આવા દેવાંગી રાજા માથે આટઆટલી ઘાતો ? બચવાનો કોઈ ઉપાય નહિ ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હંસ-પંખી કહે: 'હા, એને બચવાનો એક ઉપાય ખરો. આપણી વાતો જો કોઈ અત્યારે સાંભળતું હોય અને તે રાજાને ઘાતમાંથી બચાવે તો બચે-પણ એ માણસ આપણી વાતો કોઈને કહે તો પથ્થરનું પૂતળું થઈ જાય.'

આટલું બોલીને પંખી શાંત થઈ ગયાં. મનસાગરે બધી વાત સાંભળી લીધી.

બીજી સવારે મનસાગરે રાજાની વેલ આડી હંકાવી વડલાની ડાળમાંથી એને બચાવ્યા, જીવતા ડુંગરા વચ્ચે પ્રથમ પોપટને ઉડાડી ડુંગરામાંથી બચાવ્યા, સોનાના વેઢને ભાલાની અણીએ ઉડાડી સર્પદંશમાંથી બચાવ્યા, સામૈયાના ઘોડાને મારી નાખી તેમાંથી બચાવ્યા, નગરનો દરવાજો પાડી ફૂલનો દરવાજો રચ્યો અને રાજાને દબાઈ મરતાં બચાવ્યા.

મનસાગરો આ શું કરી રહ્યો છે તે રાજા તો સમજતો નથી અને રાજા ખિજાતો આવે છે. રાતે મહેલમાં મનસાગરો ચોકી કરવા રહ્યો અને અર્ધી રાતે આવેલ નાગના કટકા કર્યા. પણ રાણી જાગી જતાં રાજાને મનસાગરા પર શંકા ગઈ. તરવાર લઈને એ મનસાગરાને મારવા દોડયો.

મનસાગરો હંસ-પંખી અને હંસ-પંખણીની વાત કરતો આવ્યો અને આખો પથ્થર થઈ ગયો. રાજાને દીકરો અવતર્યો તેનું લોહી પથ્થરને અડયું અને મનસાગરો પાછો જીવતો થયો.

*

વિશાળ એવું વન છે. વનમાં મોટાં ઝાડ છે. મોટાં ઝાડ પર તળાવને કાંઠે હંસ-પંખી રહે. અચાનક એક દિવસ વનને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દવ લાગ્યો. વન બળવા લાગ્યું. બળતો બળતો દવ ઠેઠ હંસ-પંખી રહેતાં તે ઝાડ સુધી પહોંચ્યો. પણ હંસ-પંખી તો ત્યાંથી ઊડતાં નથી. ચંદનનાં ઝાડ હંસ-પંખીને પૂછી રહ્યાં છેઃ

આગ લાગી વનખંડમેં, દાઝયા ચંદનવંસ,
હમ તો દાઝયાં પંખાવણ, તુમ કયોં દાઝે હંસ?

(વનમાં આગ લાગતાં વાંસ અને ચંદનનાં ઝાડ બળવા લાગ્યાં.) ચંદનનાં ઝાડ પૂછે છે: 'હે હંસ-પંખી! અમારે તો પાંખ નથી તેથી દાઝી રહ્યાં છીએ, તમે શા માટે દાઝો છો?'

હંસ-પંખી જવાબ આપે છે:

પાન મરોડયાં, રસ પિયા, બેઠાં હેકણ ડાળ,
તુમ જલો હમ ઊઠ ચલેં, જીણો કિતોક કાળ.

હે ચંદન વૃક્ષ! અમે તમારાં પાન મરડીને તોડયાં, તમારો રસ પીધો, એક જ ડાળીએ આટલાં વરસ બેઠાં. હવે તમે સળગો છો ત્યારે હું ઊડી જાઉં તો મારે કેટલોક કાળ જીવવું છે!

*

સરોવરને કાંઠે મહાવડલો છે. એક વખત ઊડતું ઊડતું હંસનું ટોળું ત્યાં થાક ખાવા બેઠું. વડ પાસે એક કાગડો રહે-ભારે અભિમાની અને દંભી.

કાગડો કહે: 'કાંઈ ઊડ જાણો છો કે બસ બેસતાં જ આવડયું છે?'

હંસ કહેઃ 'એકાદ ઊડ જાણીએ.'

કાગડો કહેઃ 'એકાદ ઊડમાં શું? અમે તો બાવન ઊડ જાણીએ. ચાલો, કરવી છે હરીફાઈ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટોળામાંથી એક હંસ હરીફાઈ કરવા તૈયાર થયો.

કાગડાભાઈ તો તળાવની પાળે ભાતભાતની ઊડ બતાવવા લાગ્યા. ઊંચે ઊડીને કહે: 'આ એક ઊડ' નીચે ઊતરીને કહે: 'આ બીજી ઊડ' આડો ઊડીને કહે: 'આ ત્રીજી ઊડ' અને ત્રાંસા જઈને કહે: 'આ ચોથી ઊડ.' આમ અર્ધા કલાકમાં બાવન ઊડ બતાવી દીધી. કહે: 'હવે તમારી ઊડ બતાવો જોઈએ.'

હંસ કહે: 'અમારી ઊડ તો દરિયાકાંઠે હોય. ચાલો ત્યાં!' બંને દરિયે ગયા. દરિયાની સપાટી પર હંસે તો ઊડવાનું શરૂ કર્યું. થોડેક સુધી ઊડયા ત્યાં કાગડો કહે: 'બસ, આ જ તમારી ઊડ ને?'

હંસ કહે: 'હજી આગળ તો ચાલો–ઊડ તો હજી ચાલી આવે છે.'

ઊડતાં ઊડતાં દરિયાની સપાટી પર ક્યાંયે નીકળી ગયા. કાગડાભાઈ પાછળ રહેવા લાગ્યા. ધીમે ધીમે એને થાક પણ ચડયો. પણ હંસ તો ઊડયે જ જાય છે. કાગડાની ચાંચ અને પાંખો દરિયાના પાણી સાથે બોળાવા લાગી.

હંસ કહે: 'કાગડાભાઈ, આ કઈ ઊડ? બાવન ઊડમાં તો આવેલ નહિ! ત્રેપનમી ઊડ તો નથી ને?'

કાગડો પાણી પીવા લાગ્યો. હંસને કહે: 'ભાઈશા'બ, ભૂલ થઈ ગઈ. હવે કદી તમારી સાથે હોડ નહિ બકું.'

હંસે તો કાગડાને પાંખ પર લઈ લીધો અને ઝપાટે ઊડીને વડલે ઉતારી દીધો. ફરી કદી કાગડે હંસ પાસે ઊડની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હરીફાઈ ન કરી. આ પરથી તો આપણે ત્યાં કહેવત ચાલી કે, 'હંસની ચાલ ચાલતાં કાગડાનીચે ભૂલીશ.'

*

આવા પ્રેમી અને મિત્ર, પરોપકારી અને ઓછાબોલા હંસને આપણા લોકો રાજહંસ જ કહે છે, અને માનવીના જીવની સાથે જ સરખામણી કરીને મીરાંબાઈ જેવાં ભક્ત પણ ભજનમાં ગાય છે કે:

જૂનું તો થયું રે દેવળ, જૂનું તો થયું,
મારો હંસલો નાનો ને, દેવળ જૂનું રે થયું.

બીજા ભજનિકો વળી ગાય છે કે–

એવો હંસરાજા હાલ્યો રે, કેમ તો છોડી કાયારાણી.
એવાં છેટાં છેટાં પડિયાં રે, હંસલે મેલ્યાં અન્ન ને પાણી.

જીવ સાથે સરખામણી તો ઠીક, પણ હંસલો ઝાડ પર બેસે, ઝાડ પર માળા બાંધે, માનવીની ભાષા બોલે–એ તો માનવીની કલ્પનાઓ. એક જ વાત સાચી કે હંસ માનસરોવર ઊડી જાય.

કાંઈ રાજા મારે એટલે તે હિમાલયની પેલે પાર કૈલાસની પાસે માનસરોવર સુધી ઊડી નથી જતો. એ તો દર વર્ષે માનસરોવર તરફ ઊડી જાય છે. હંસનું આછું છતાં મોહક રૂપ જોઈને આપણાં લોકો તેના પર મોહી ગયાં એ ઠીક વાત, એના વિષે વાતોયે ભલે જોડી કાઢી, પણ હંસ તો આપણો મહેમાન માત્ર–મૂળ રહેવાસી તો માનસરોવરનો જ.

માનસરોવરની આસપાસનો પ્રદેશ, તિબેટ, કાશ્મીરમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠેર ઠેર પથરાઈ ગયેલાં સરોવર વગેરે હંસનાં રહેવાનાં સ્થળ. મે માસથી ઑકટોબર સુધી લગભગ તેઓ આ સ્થળોમાં રહે.

મે-જૂન માસમાં તેઓ માળા બાંધે. પણ જેવો પ્રદેશ એવા એના માળા. સરોવરને કાંઠે કાંઠે કે બેટોની વચ્ચે હોય. ખાસ માળા બાંધવાનું તો હોય નહિ, પણ રેતી કે જમીનની અંદર તે ખાડા ખોદી કાઢે. ખાડાની અંદર પોતાનાં જ પીછાં નાખીને માળા બનાવી નાખે. એનાં પોતાનાં પીછાં લીસાં એટલે માળા ઠીક ઠીક સુંવાળા બની જાય.

માળાની અંદર તે ૪ થી ૫ ઈંડાં મૂકે, પણ માળા હોય હજારોની સંખ્યામાં એક સાથે. હંસ સમૂહચારી પંખી છે એટલે એના માળા પણ સમૂહમાં હોય. જ્યારે માળામાં હંસ ઈંડાં સેવતાં હોય ને બચ્ચાંને ખોરાક ખવરાવતાં હોય ત્યારે એ સ્થળ પર નજર ફેંકીએ તો આખું સ્થળ સજીવન લાગે-જાણે ધરતી સળવળી રહી છે.

આપણો ગરમ ઉનાળો એને કેમ ગમે ? એટલે ઉનાળો ત્યાં જ ગાળે. ચોમાસાનાં વરસાદનાં ઝાપટાં પણ કદાચ નહિ ગમતાં હોય, તેથી ચોમાસું પણ એ ત્યાં જ ગાળે. ચોમાસું ઊતરે અને કારતક-માગશર બેસે કે આપણા દેશ તરફ ઊડી નીકળે. હિમાલયનાં આકાશને અડતાં શિખરો માથે થઈ ને પોતાનો રસ્તો કાઢતાં કાઢતાં તેઓ હિંદને આંગણે ઊતરે.

કોઈ પંખીને જોવા માટે વગડામાં જવું પડે અને કોઈ પંખીને સાંભળવા વહેલી સવારે ઊઠવું પડે, તે રીતે હંસનાં હજારોનાં બનેલાં ટોળાંને આપણા દેશ તરફ ઊડતાં આવતાં દેખવાં હોય તો શિયાળાની ટાઢમાં મોડે સુધી જાગવું પડે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જો ચાંદની હોય તો એનાં ભભૂતિયા રંગનાં શરીર આઘે આઘેથી જોવાં ગમે, પણ રાત્રે એનાં શરીરને ઝીણવટથી તો શાનાં નીરખી શકાય ? એના 'હોંક....હોંક....' એવા એક પછી એક સમૂહમાં ચાલ્યા આવતા અવાજ પરથી એને ઓળખી શકાય. પણ આ 'હોંક' શબ્દ વાંચવામાં કઠોર લાગે છે ને–એ તો સાંભળો ત્યારે જ એની મીઠાશ પરખાય !

આપણે ત્યાં આવીને એ મોટાં મોટાં સરોવર અને નદીઓને કાંઠે પથરાઈ જાય. એ નિશાચર પંખી છે. આખો દિવસ એ નદી–સરોવરની આસપાસ પાણીની પાસે કે રેતીની વચ્ચે આરામ લે. ભારે સજાગ પંખી. માનવી કે જનાવરનો જરાકેય સંચાર થાય કે તરત ઊડી નીકળે. આ પરથી જ આપણે ત્યાં એના સજાગપણા વિષે કહેવાય છે કે હંસ સૂએ ત્યારે ચોકીદારો નીમે છે. ચોકીદારો પહેરો ભરે અને જરાકેય સંચાર થાય કે ટોળાને ચેતવી દે.

સાંજનો સમય થાય કે હંસ સળવળવા લાગે. આસપાસનાં ખેતરો અને વાડીઓ તરફ ઊડવા લાગે અને લીલાછમ ક્યારાઓમાં ઊતરી પડે. હંસ કણ–ભોગી છે, એમાંયે તેને ઘઉંના કોંટા અને લીલી ડૂંડીઓ, કૂણાં પાન અને ટોપકાં ખાસ ભાવે. તળાવકાંઠે ઊગેલાં કમળના લીસા તંતુ તો ખાસ ખાય. એ પરથી જ કવિ કાલિદાસે 'મેઘદૂત'માં એનું વર્ણન કર્યું છે કે—

બાંધી ભાથાં કમલડખનાં ઊડી આકાશમાર્ગે
સાથી તારા નભમહીં થશે રાજહંસો રૂપાળા

રાતને વખતે હંસોને ઉડાડવા માટે ખેડૂતોને ખાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રખોપિયા રાખવા પડે. જો રખોપિયા વિનાનું ખેતર હાથ પડી જાય તો સવાર સુધીમાં ભારે નુકસાન કરી જાય. એ રીતે હંસ આપણી ખેતીને નુકસાનકર્તા પંખી કહી શકાય.

આ રીતે કૂણો કૂણો ખોરાક ખાતાં હંસનાં ટોળાં આપણે ત્યાં આખો શિયાળો ગાળે–જાણે ઠંડીનાં એ દોસ્ત. આપણે ત્યાં ઠંડી ઓસરવા લાગે અને ફાગણની ગરમી શરૂ થાય કે તેઓ પાછાં પોતાનાં વતન તરફ ઊડી નીકળે.

હજારોનાં ટોળાં બંધાઈ જાય અને આકાશના પટ પર થઈને હારમાળા રચતાં આગળ વધે. એક પંખી આગળ, બીજાં પંખી તેની પાછળ. બેલાખિયાને આકારે બે હારમાં ઊડતાં જાય. આગલું પંખી 'હોંક....હોંક....'નો મીઠો અવાજ કર્યે જાય અને પાછલાં પંખી એવી જ મીઠાશથી એને જવાબ દીધે જાય. મે–જૂનમાં તો પોતાને વતન પહોંચી જાય. આપણા લોકો ઉત્તરમાં વધારેમાં વધારે માનસરોવર સુધી જતા. ત્યાં તેમણે વધારેમાં વધારે હંસને જોયાં. તે પરથી તેમણે તેનાં સંસ્કૃતમાં નામ માનસરોવર પર પાડ્યાં છે.

આપણે ત્યાં પરદેશથી આવતાં કુંજ કે દિવાળી ઘોડો, કુલંગ કે બપૈયો ક્યાંથી આવે છે તે આપણા લોકો નથી જાણતા. પણ હંસો માનસરોવર ચાલ્યાં જાય છે અને ત્યાંથી આવે છે એટલું જાણે છે. ઉત્તર તરફ હિમાલય એ યાત્રાનો પ્રદેશ રહ્યો ને ?

આવાં હંસનું રૂપ નીરખી લઈશું ? દિવસને વખતે તેની પાસે જવાની તક તો સજાગ હંસ આપે જ નહિ. સાથે જો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

२१६६३ ५४ग/६
२६-२-२२
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૂરબીન હોય તો જ એનું રૂપ દૂરથી નીરખી શકાય, નહિ તો પછી કોઈ ચીડિયાખાનામાં જઈને એનો રંગ નીરખી લેજો.

રંગ એના માત્ર બે જ છે. બે ફીટ-અઢી ફીટના શરીર પર મુખ્ય રંગ ભભૂતિયો-રાખોડી અને આછો સફેદ. એનો રાખોડી રંગ કંઈક કુંજના રંગને મળતો આવે.

આ બે રંગની ઝીણવટમાં ઊતરીએ તો એનું માથું અને ગળું સફેદ. પેટ પણ સફેદ. એનું ગળું અને છાતી આછાં ભભૂતિયાં. આવા સફેદ અને ભભૂતિયા રંગ વચ્ચે ગરદન પાછળનો ભાગ ઘેરો બદામી એકદમ જુદો તરી આવે.

હંસને દૂરથીયે ઓળખી કાઢવો હોય તો તેની નિશાની એણે માથા પર જ રાખી છે. એના માથા પાછળ આંખ પાસે ઉપર-નીચે બે કાળા પટા હોય છે. ઉપરનો પટો એની આંખને પાછળથી અડીને માથા પર ચકરાવો લઇ બીજી આંખમાં પહોંચી જાય. નીચેનો પટો ઉપલા કરતાં નાનો હોય છે.

એવા પટાથી શોભતા માથા પાસે આવેલી એની ચાંચ નારંગી રંગની. ચાંચ નાની અને વચ્ચેથી વળેલી હોય. ચાંચને છેડે કાળો નખ. એના પગ પણ નારંગી રંગના. એના પગનાં આંગળાં એકબીજા સાથે ચામડીથી બતકની પેઠે જોડાયેલાં-જેને જાલપાદ કહે છે તેવાં.

આવા પગથી સરખી રીતે કેમ ચાલી શકાય ? પણ હંસને એ બાબતમાં સગવડ મળી છે. આવાં જાળવાળાં બીજાં પંખીના પગ પેટની પાછળના ભાગમાં હોય છે તેથી જમીન પર ચાલતાં મુશ્કેલી પડે, જ્યારે આપણા હંસના પગ તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
પુસ્તકાલય
ગુરુકુલ કાંગડી

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરીરના આગળના ભાગમાં તેથી તેને ચાલવામાં વાંધો ન આવે. એ જમીન પર ચાલી શકે છે તો ઊંડા પાણીમાં તરી શકતા નથી એ એને ગેરલાભ ખરો.

હંસનું આવું આછું રૂપ, એનો મીઠો અવાજ, એની મોહક ઊડ અને લચકતી ચાલથી આપણા લોકોને હંસ ગમી ગયો છે. તેથી તો અજંટાના ચિત્રકારોએ એને ચિત્રકળામાં અમર કર્યો છે. તે પછી બીજા ચિત્રકારો પણ હંસને ચીતરવો ચૂકતા નથી.

આપણી સ્ત્રીઓ તેને ભરતગૂંથણમાં મોર અને પોપટની જ સાથે બેસાડે છે. એના પરથી હંસરાજ અને હંસાબેન જેવાં નામ પણ લોકોએ અપનાવી લીધાં છે.

ધીમે ધીમે આગળ વધતાં વધારેપડતી કલ્પનાઓ પણ હંસ વિષે કરી નાખી. 'નીર-ક્ષીર-ન્યાય' પ્રમાણે હંસને પાણી ભેળવેલા દૂધમાંથી એકલું દૂધ જ તારવીને પી જતો માન્યો. એકલાં મોતીનો જ ચારો ચરે એવી કલ્પના કરી નાખી.

પણ આ ભૂલ પેલા સફેદ હંસને લીધે થઈ ગઈ લાગે છે. મોતી જેવા એ સફેદ હંસને જોઈને લોકોએ માન્યું હશે કે સફેદ મોતી જ ખાવાથી એ સફેદ રહેતો હશે, અને સફેદ દૂધનો ભેળ એવો સફેદ રંગનો હંસ જ તારવી શકે ને ?

પણ આ સફેદ હંસ અને આપણા રાજહંસ વચ્ચેનો ભેદ નીરખી લઈએ એટલે ફરીથી ભૂલ ન થાય.

મૂળ તો સફેદ હંસ આપણે ત્યાં બહુ જ ઓછી સંખ્યામાં આવે છે. આવે તે પણ ઉત્તર હિંદમાં અને તેનાં બે-ચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોડાં, ત્યારે રાજહંસ તો હજારોનાં ટોળાંમાં આવે અને ટોળાંમાં જ રહે.

મુખ્ય ભેદ તો રંગનો જ. આપણો રાજહંસ રાખોડી અને પેલો હંસ સફેદ. શરીરની રચનામાં પણ ભેદ. આપણા રાજહંસની ડોક એના શરીર કરતાં નાની, જ્યારે પેલા હંસની ડોક તો એના શરીર જેવડી અને ક્યારેક તો શરીર કરતાંયે લાંબી હોય. એ ડોકના જે એ વિવિધ આકાર પાણીને લિસોટે લિસોટે કરે છે તે મનોહારી છે.

આપણા રાજહંસના પગ આગળના ભાગમાં, ત્યારે સફેદ હંસના પગ પાછલા ભાગમાં. તરે ત્યારે એ સોહામણો લાગે, પણ ચાલે ત્યારે ગોથાં ખાય.

બસ, આટલા ભેદ જાણી લઈએ તો પછી રાજહંસ અને હંસ વચ્ચે કદી ગોટાળો ન થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. ચકવો–ચકવી

સીતાને રાવણ હરી ગયો છે. વિયોગી રામ લક્ષ્મણજીની સાથે ડુંગર–પહાડ અને નદી–સરોવર પર 'સીતા ! સીતા !'



ચકવાક–ચકવો

બોલતાં ચાલ્યા જાય છે. જે કોઈ સામું મળે તેને–ઝાડ, પાન, પશુ, પંખી, માનવીને–એ સીતાજીના સમાચાર પૂછતા જાય છે અને આગળ વધતા જાય છે. સાંજને સમે ઠેઠ પંપા સરોવરને કાંઠે પહોંચ્યા. સરોવરને કાંઠે ચકવા–ચકવીનું જોડું મસ્તીમાં ગેલ કરી રહ્યું છે.

રામે તેમને પૂછ્યું : 'હે ચકવા–ચકવી ! આ માર્ગેથી સીતાજીને ઉપાડીને રાવણને જતાં તમે જોયો ? '

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચકવો-ચકવી જવાબ આપે છે: 'કોણ સીતા ને કોણ રાવણ ? અમે શું જાણીએ ? બીજા કોઈને પૂછી લો, જાઓ.'

રામે સીતાજીનું વર્ણન કરતાં કહ્યું : 'આવા રૂપની બાઈને તમે આકાશમાર્ગે ચીસો નાખતી સાંભળી છે ?'

ચકવો-ચકવી કહે છે: 'મેલ ને લપ ભાઈ ! અમને અમારા બેમાંથી નવરાશ જ ક્યાં છે કે તારી સીતાની ખબર રાખવા બેસીએ !'

રામને થયું: બસ, પોતાના એકલ પ્રેમનો આટલો બધો મદ કે આ પંખી કોઈ દુ:ખી માણસને જોવા કે જવાબ આપવાયે નવરાં ન હોય ?

રામે તેમને શાપ આપ્યો : 'જાઓ હે ચકવા-ચકવી ! આજથી તમે ભેગાં નહિ થઈ શકો. ચકવો આ કાંઠે હશે અને ચકવી સામે કાંઠે હશે. ધરતીના અંત સુધી તમે આખી રાત મારી પેઠે ઝૂર્યા કરજો.'

આ પરથી જ આપણે ત્યાં ભજનમાં ગવાય છે કે :

> ગરવ કર્યો...જી ચકવી ને ચકવે,
> રૈન વિજોગ કરી હાર્યો,
> સિયારામજીસે ગરવ કર્યો,
> સોઇ નર હાર હાર્યો.

કોઈ વળી આ શાપ કોઈ ઋષિના મુખમાં મૂકે છે. ચકવો-ચકવી આગલે અવતાર માનવી જ હતાં, પણ પોતાના પ્રેમમાં તેમને દી કે દુનિયાનું ભાન ન હતું.

આ પરથી ઋષિએ તેમને શાપ આપ્યો કે : 'જાઓ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમે પંખીરૂપે અવતરો અને રાતને સમયે જ્યારે આખી દુનિયા આનંદ કરતી હોય ત્યારે તમે વિયોગમાં ઝૂર્યા કરજો.'

આ પરથી હિંદીમાં કહેવાય છે કે રાતને વખતે સામે કાંઠેથી ચકવો પૂછે છે: 'મેં આઉં? (હું આવું?)' ચકવી કહે છે: 'ના આઓ. (ન આવજો.)'

આ બંને કલ્પનાઓ ચકવા-ચકવીના રાત્રિના જીવનમાંથી અને તેના અવાજમાંથી ઊભી થઈ લાગે છે. ચકવો નિશાચર પંખી છે–જોડકે જ ફરે છે.

રાતને સમયે તે નદી-સરોવરની આસપાસ ચારો કરતાં હોય, એ સમયે એકાદ પંખી જરાક છેટે રહી જાય કે બીજું પંખી 'આંઉં....આંઉં' એવી ધીમી રાડો નાખવા લાગે. આ અવાજ તેના ગળામાંથી ઘૂંટાઈને નીકળે તેથી ભારે કરુણ અને વેધક લાગે. તે પરથી લોકોને પેલી કલ્પનાઓ સૂઝી હશે. એની ઘૂંટીને અવાજ કાઢવાની આ રીતને લીધે જ તેનું સંસ્કૃતમાં નામ 'ચક્રવાક' પડી ગયું લાગે છે.

આ ચકવો આપણા રાજહંસનો પિતરાઈ. રાજહંસની પેઠે તે તિબેટ તરફ રહે, પણ ખાસ કરીને તેનું વતન દક્ષિણ રશિયાથી માંડીને બાલ્કન-પ્રદેશો, અફઘાનિસ્તાન, ચીન અને જાપાન છે.

આપણે ત્યાં આવે ત્યારે ટોળે વળીને અને જાય ત્યારે પણ ટોળે વળીને, પણ જીવન તો જોડીરૂપે જ ગાળે. આપણે ત્યાં નદીકાંઠે રેતીમાં આખો દિવસ આરામ કરે અને રાતને સમયે ચારો કરવા નીકળે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજહંસની પેઠે તે માત્ર કણભોજી જ નહિ, એ તો જીવાત અને માછલાં પણ ખાય. જરૂર પડે તો નદી–સરોવરમાં તરવા પણ લાગે અને સુંદર રીતે તરે. એ ઊડે ઊંચેઊંચો. દૂરથીયે એના રૂપાળા રંગને કારણે ઓળખાઈ જાય. કેવા છે એના રંગો ?

એનો મુખ્ય રંગ તો સોનેરી કે કેસરિયો કહી શકાય: આછો–ઘેરો થતો એના આખા શરીરને લીંપી દે. એના આ સોનેરી રંગને કારણે તે બધા હંસોમાં વિશેષ રૂપાળો કહેવાય છે. એનાં પગ અને ચાંચ કાળાં, પણ આંખ ચળકતા બદામી રંગની.

આ બધા વચ્ચેયે એકદમ જુદો તરી આવે તેવો તેની પાંખનો લીલો પટો. સોનેરી કાયામાં આ લીલા પટાથી ગમે ત્યારે એને ઓળખી શકાય.

એના સોનેરી રંગને કારણે જ એને સંસ્કૃતમાં 'સુવર્ણ-હંસ' કહ્યો છે. આ સુવર્ણહંસ જ નળ અને દમયંતીનો સંદેશવાહક બન્યો હતો એ ખબર છે ને ?

એક વખત નળરાજા પોતાના બગીચાના એક તળાવને કાંઠે ફરતા હતા. તેમણે આ સુંદર સુવર્ણહંસને જોયો અને ચાતુરીથી એને પકડી લીધો.

સુવર્ણહંસ કહે: 'મને છોડો તો તમારું એક ભારે કામ પાર પાડી દઉં.'

નળ કહે: 'બોલ, કયું કામ પાર પાડી દે ?'

સુવર્ણહંસ કહે: 'નવખંડ ધરતીમાં જેનાં વખાણ થાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે એ દમયંતી પાસે જઈને તમારાં વખાણ કરું અને તેનું માગું લઈ આવું.'

નળે તો સુવર્ણહંસને છોડી મૂક્યો.

ઊડતો ઊડતો સુવર્ણહંસ વિદર્ભદેશમાં દમયંતીને બગીચે સરોવરમાં ઊતર્યો. દમયંતી નાહવા આવી ત્યારે એણે નળના રૂપનાં ગુણગાન આદર્યાં અને દમયંતી કલાકો સુધી સાંભળી રહી. દમયંતી તો નળ પર મોહી પડી.

એણે સુવર્ણહંસને પકડ્યો અને માગણી મૂકી : 'નળ-રાજાની પાસે મારાં વખાણ કર અને મને પરણે એવું વચન લઈ આવ.' સુવર્ણહંસને તો એટલું જ જોઈતું હતું.

આ રીતે તેણે નળ-દમયંતીને મેળવી આપેલાં. જો સુવર્ણહંસ નળ-દમયંતીનો સંદેશવાહક બન્યો તો આપણી સ્ત્રીઓ તેને કેમ ભૂલે ? તેમણે તેની પાંખનો લીલો રંગ લઈને તેને લગ્નનાં ગીતોમાં સંદેશવાહક બનાવી દીધો અને ગાયું કે—

ગાગર ઉપર બેઠો લીલો હંસ...રે
આ હંસ તે કોણે ઉડાડિયો રે...એ...
કો' હંસરાજા કિયાં તમારાં ગામ રે...
કિયાં તમારાં બેસણાં રે...એ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેમી પંખીડાં

સારસ

હે રણછોડરાયા કર દે પાર નૈયા
હે દરિયાલાલ કર દે બેડો પાર.

ઉપરની કડીઓ ગાતાં ગાતાં મારા ખારવાએ તેનું વહાણ ખાડીમાં તરતું મૂક્યું.

અમે બેટ શંખોદ્ધારમાં ભગવાન શંખનારાયણનાં દર્શન કરીને ઓખા પાછા ફરતા હતા. અર્ધી ખાડીમાં આવ્યા ત્યારે દૂર દૂર દરિયામાં બે ખડક દેખાયા.

મેં ખારવાને પૂછ્યુંઃ 'પેલા ખડકો દેખાય તે શાના ભાઈ ?'

ખારવો કહે, 'પ્રેમી....પંખીડાંના.'

નામ સાંભળીને મને અજાયબી થઈ.



સારસ અને તેનું બચ્ચું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં કહ્યું: 'હજી ઘણો વખત છે, વહાણુને એ ખડકા તરફ લઈ લો ને!'

ખારવો કહે: 'શું વાત કરો છો, ભાઈ? ત્યાં તે જવાય? વહાણના ભાંગીને ભુક્કા જ થઈ જાય ને? પ્રેમી પંખીડાંના શાપમાંથી આપણું વહાણ શેનું બચે?'

મારી અજાયબી વધી અને વિગતથી પૂછતાં તો એક વાર્તા મળી આવી. હલેસાં મારતાં મારતાં રામજી ખારવાએ વાત કહેવી શરૂ કરી:

કોણ જાણે કેટલાંયે વર્ષ પહેલાં બેટના પૂજારીને ઘેર એક દીકરી અવતરેલી. શું દીકરીનાં રૂપ! ભગવાને એને ઘડીને હાથ ધોઇ નાખેલા. દીકરી જુવાન થતાં તો તેનાં રૂપ સોળ કળાએ ખીલી ઊઠયાં.

બેટમાં તો દર વર્ષે હજારો જાત્રાળુઓ આવે. એકવાર દૂર દેશાવરથી એક મોટો સંઘ આવ્યો. એ સંઘમાં એક કરોડાધિપતિનો જુવાન દીકરો. એ તો પૂજારીની દીકરીને જોઇને મોહી પડયો. સંઘ પાછો વળ્યો પણ તે અહીં રોકાઈ ગયો.

મંદિરમાં એ જલગરિયો થઇને રહ્યો. કરોડાધિપતિના દીકરાએ પાણી કે દી ખેંચ્યાં હોય? એના કોમળ હાથમાં ફરફોલા ઊઠવા લાગ્યા.

પૂજારીની દીકરી રોજ આ જોયા કરે. એક દિવસ આ જલગરિયો એકલો બેઠેલો ત્યારે એણે જઇને વાત પૂછી. વાત જાણતાં એ તેના પર મોહી પડી. તેણે તેને જલગરિયાનું કામ બંધ કરાવ્યું અને તે પોતે જ તેની સાર-સંભાળમાં રહેવા લાગી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડાક વખતમાં બંને વચ્ચેના પ્રેમની પૂજારીને ખબર પડી ગઇ અને પૂજારીએ જલગરિયાને મારી કાઢયો અને એને વહાણમાં બેસાડીને સામે કાંઠે ઓખા મોકલી દીધો.

જલગરિયો ઓખાને કાંઠે ઝૂંપડી બાંધીને રહ્યો. ક્યારેક ક્યારેક પૂજારીની દીકરી વહાણમાં બેસીને જલગરિયા પાસે આવવા–જવા લાગી. પૂજારીને આ વાતની ખબર પડી અને બધા ખારવાને પોતાની દીકરીને લઈ જવાની ના પાડી દીધી.

હવે શું કરવું ? છેવટ બંનેએ દૂર દેખાતા દરિયા વચ્ચેના ખડકો ઉપર મળવાનું નક્કી કર્યું. જલગરિયો તો પોતાને હાથે તરીને એ ખડક પર પહોંચી જતો અને પૂજારીની દીકરીની રાહ જોતો.

પૂજારીની દીકરી વાંસ પર બે તૂંબડાં બાંધીને તેના પર તરતી તરતી ખડક પર પહોંચતી. સાથે એ હવેલીમાંથી ભાતભાતનાં ભોજન લઈ જતી અને જલગરિયાને સ્નેહથી ખવરાવતી. દિવસ ઉપર દિવસ વીતવા લાગ્યા.

છેવટ એની ભાભીને ખબર પડી ગઇ. એક દિવસ ભાભીએ તૂંબડાંને બદલે કાચા મોરિયા વાંસ સાથે બાંધી દીધા. અધેંક જતાં મોરિયા પાણીમાં ગળી ગયા. પૂજારીની દીકરીએ થોડીવાર સુધી તો પોતાના હાથ પર તરવાના પ્રયત્ન કરી જોયા, પણ દરિયાનાં મોજાંની સામે એ કુમળી કન્યા ન ટકી શકી. જલગરિયાને છેલ્લી વારની બૂમ મારીને પાણીને તળિયે એ જઈ બેઠી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એની બૂમ સાંભળીને રાહ જોઈને બેઠેલા જલગરિયાએ દરિયામાં જંપલાવ્યું અને પૂજારીની દીકરીને શોધવા નિષ્ફળ પ્રયત્ન કરી જોયો. સવારે એક ખડક પાસે પૂજારીની દીકરીનું શબ તરતું આવ્યું. ભગ્નહૃદય જલગરિયાએ પણ દરિયામાં પાણા બાંધીને પડતું મૂકયું. થોડીવારે એનું શબ પણ ખડક પાસે પૂજારીની દીકરી પાસે જઈને બેઠું. મરીને બંને સર્જ્યાં સાડેસડા-સારસ.

એ 'પ્રેમી પંખીડાં'ના એ ખડક છે. મરતાં મરતાં જલગરિયાના અને પૂજારીની દીકરીના શ્રાપ છે કે કોઇ વહાણ એ ખડક પાસે ન જઇ શકે-જાય તો ભાંગીને ભુક્કા થઈ જાય. હજીયે કોઈ ખારવો એ શ્રાપને માનીને એ ખડક તરફ પોતાનું વહાણ હાંકતો નથી.

હજીયે આ સારસ-પંખી પાણીને કાંઠે જ રહે છે અને એમાંથી એકાદ પંખી મરી જાય તો બીજું પંખી માથાં પછાડીને મરી જાય છે.

આપણા લોકોએ એકનિષ્ઠ પતિ-પત્નીના દાખલા પંખીજગતમાંથી ઘણા મેળવ્યા છે. હંસ અને હંસણીને કે ગરુડ-પંખી કે ગરુડ-પંખણીને એક જ વડલા માથે જુગજુગ ગાળતાં માન્યાં છે. ચકવા-ચકવીને આખી રાત વિયોગથી ઝૂરતાં માન્યાં છે. પારેવા-પારેવીને આખી જિંદગી સાથે ગાળતાં માની દુહા પણ જોડયા છે. પણ આ બધાં કરતાંયે સારસ-દંપતી માટે લોકો વધારે માન ધરાવે છે. સારસના જોડાને લોકો સારસ-બેલડીના નામથી જ ઓળખે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેવી એ બેલડી ! જો એ બેલડીમાંથી એક મરી જાય તો બીજું એની પાછળ ચાંચ અને માથાં પછાડી પછાડીને મરી જાય. નર મરી જાય તો માદા પ્રાણ છોડે અને માદા મરી જાય તો નર પ્રાણ છોડે.

માણસજાતમાં સ્ત્રીઓ તો પતિ પાછળ સતી થઈ છે, પણ સ્ત્રી પાછળ સતા થનાર પુરુષ કોઇક જ હશે. લોકોએ જાણે પોતાની ભૂલ પૂરી દેવા સારસ–બેલડીનાં જીવનમાં એ કલ્પના મૂકી દીધી છે અને તેથી જ તેઓ સારસ–બેલડીનું પૂરેપૂરું માન જાળવે છે.

સારસને આપણા લોકો મોરની પેઠે પ્રભુનું માનીતું પંખી કાંઇ ગણતા નથી, આમ છતાંયે એને મારવાની હિંમત આપણા ખેડૂતો કરતા નથી. તેને ખેતરમાંથી કાઢવા માટે ખેડૂતો હાકલા–પડકારા કરે, હાથ ઉગામે, પણ પાણો ફેંકે નહિ. રખેને પાણો વાગી જાય અને એની જોડી ખંડિત થાય તો ? જોડી ખંડિત થાય તો પોતાને ખેતરે જ બીજું સારસ માથાં અને ચાંચ પછાડીને મરી જાય. ખેડૂતો માને છે કે એના નિ:સાસા લાગતાં મારનારની જ જોડી તૂટી જાય છે.

આ તો થઇ સામાન્ય લોકોની વાત, પણ શિકારીઓની વાત કરીએ તો અઠંગ શિકારીઓ જરાયે ભય વગર ગોળીઓ છોડીને અસંખ્ય પંખી મારતા હોય છે. તેઓ પણ સારસ–પંખી માથે નિશાન તાકતા નથી. એની બેલડી તૂટવાનો એમને પણ ડર લાગતો હોય છે.

કદાચ એમને સારસ–પંખીનો શિકાર કરવો પડે તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક જ પંખીને તેઓ મારતા નથી–બંને સારસનો તેઓ સાથે જ શિકાર કરે છે. તેઓ માને છે કે આમ કરવાથી બીજા પંખીના શ્રાપમાંથી બચી શકાય છે.

આ સારસ–બેલડીના દુઃખનો આબેહૂબ ચિતાર તો એક દુહામાં મળે છે. કાઠિયાવાડના મીતિયાળા ગામને પાદર એક વખત ધિંગાણું થયેલું. એ ધિંગાણામાં સૌથી મોખરે જોગડો નામનો ઢેઢ મરી ગયો. જોગડા ઢેઢને મરવાની આગલી રાતે રોકાઇ જવાના કાલાવાલા કરતી તેની વહાલસોઈ પત્નીએ કહેલું કેઃ

સારસ સાજી રાત, વલખે વ્હાલમ જશું;
રહોને આજની રાત, જોડી વછોડામાં જોગડા.

હે જોગડા! આજની રાત તો રોકાઇ જા. જેવી રીતે સારસ–પંખી આખી રાત વિયોગથી વલવલતાં હોય છે એવી અમારી સ્થિતિ થશે.

જોડી તોડવાની ના પાડતા સારસનો આખી રાતનો વલખાટ–ધલવલાટ શા પરથી મૂકવામાં આવ્યો હશે ? એના આકાશ–ચીરતા વિશાળ અવાજ પરથી. સવારને પહોરે કે સાંજને સમયે નદી કે તળાવને કાંઠે સારસ કૂ....ઉઉ...કૂ... એવા શબ્દો સમાવતો ઘોષ કરે છે.

આ અવાજના પડઘા નદીના બેય કાંઠાની વચ્ચે વહ્યા આવતા મુક્ત ધસમસાટની જેમ ક્યાંય સુધી વાતાવરણ ચીરતા આગળ વધતા જાય છે. આ પડઘા નદીકાંઠાને જીવન્ત કરી મૂકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તળાવ પર પડતા એના અવાજના પડઘા જાણે તળાવના પાણી પર કૂંડાળાં રચી ગભારા ચડાવે છે અને એ ગભારાના પાછા તળાવના પાણી પર સામા બીજા પડઘા ઊઠે છે.

દિવસને સમયે કોઈ વાડી કે ખેતરમાંથી એનો અવાજ છૂટે છે અને વાડી–ખેતરનાં ઝાડવાં સોંસરવા થઈને એના પડછંદા સીમાના અભાવે આકાશમાં અથડાઈને ચારેપાસ ફેલાઈ જાય છે.

પણ આ બધા તો દિવસના અવાજ. એ સમયે તો લોકોના વ્યવહારનો અવાજ સંભળાતો હોય. એ અવાજ તેના પડછંદાને ઝાંખો પાડી દે. પણ રાતને સમયે કોઈ નદી કે તળાવડાને કાંઠે સારસના અવાજ શરૂ થાય છે ત્યારે એનાં આંદોલન આડાં કોઈ બંધન હોતાં નથી. એ અવાજને તો ઊલટાં રાતનાં અંધારાં આવકારતાં હોય છે.

અંધારી રાતના કાળા ઓળાને વીંધતો એનો કૂ....ઉ અવાજ સડસડાટ વાયુને ભેદતો અને રાતની એકલતાને ચીરતો દૂર ને દૂર ચાલ્યો જાય છે. નર–સારસ અવાજ કરે અને માદા–સારસ એના જવાબમાં પડઘો પાડે. આમ રાતને સમયે અંતરે અંતરે સામસામાં સારસ–પંખી પડઘા પાડતાં જાય અને એકલ–અંધારી રાતને પોતાના અવાજથી શોભાવે.

રાતને સમયે થતો એનો આ અવાજ અવની અને આકાશના જ વાતાવરણને ચીરીને અટકતો નથી, વહાલાના વિયોગથી જેને ઊંઘ ન આવતી હોય તેને આ અવાજથી વહાલા વધારે યાદ આવે અને વધારે દુ:ખ થાય. સારસ–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંખીના આ અવાજને સાંભળીને મારવાડી સ્ત્રીઓએ પોતાનું દુઃખ રજૂ કરતા દુહા રચ્યા છે.

એક દુહામાં તો વિયોગી બાઈ કહે છે કે સારસનો અવાજ સાંભળીને જાણે ઊંટ બોલતો હોય તેમ લાગે છે. બાઈ કલ્પે છે કે પરદેશ ગયેલો તેનો પતિ ઊંટ પર બેસીને પાછો આવી રહ્યો છે અને તેનો ઊંટ ગાંગરી રહ્યો છે. આવી કલ્પનાને આધારે તે ઘર છોડીને અવાજ તરફ દોડે છે, રેતીના ટેકરા પર ટેકરા વટાવતી જાય છે, પણ એ તો નકામું છે–ગરમ રેતીથી એના પગ દાઝે છે અને તેમાં ફરફોલા ઊઠે છે.

મારવાડની વિયોગી સ્ત્રીને સારસના અવાજમાં ઊંટનો અવાજ કેમ સંભળાયો હશે? એમાં માત્ર એના વિયોગને કારણે ઊભો થયેલો ભ્રમ નથી–કાંઈક સાચી વાત પણ છે. માઇલો દૂરથી સંભળાઈ શકતો સારસ–પંખીનો અવાજ થોડોક ઊંટના અવાજ જેવો હોય છે.

પણ આપણને સહેજે પ્રશ્ન થાય કે ક્યાં ઊંટની જબરી ડોક અને ક્યાં સારસની દૂબળી–પાતળી ડોક. એ ડોકમાંથી ઊંટ જેવો પ્રચંડ અવાજ કેમ નીકળી શકે? પંખીના અભ્યાસીઓએ તપાસ કરીને તેનું કારણ શોધી કાઢ્યું છે.

સારસ–પંખીની ડોકને નીચલે છેડેથી શ્વાસનળી પાછળને ભાગે વળી જાય છે અને ત્યાંથી તે છાતીના વચલા હાડકામાં જઈ પહોંચે છે. અહીં શ્વાસનળી ત્રણ વળાંક લ્યે છે અને ફેફસામાં ઉપર–નીચે આંટા લ્યે છે. સારસ–પંખી અવાજ કરે તે પહેલાં આટલે બધે સ્થળે ઘૂમરાઇને આવતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એના અવાજમાં પડઘા જગાવવાની તાકાત આવી જાય છે. એ અવાજ સારસના મોઢાની બહાર નીકળતાં તો વાંકીચૂંકી રણભેરીમાંથી કે રણશિંગામાંથી ઘૂમરાઈને નીકળતા અવાજની જેમ દૂર દૂર સુધી પડછંદા પાડી શકે છે.

એના એવા પ્રચંડ અવાજને કારણે જ સારસ-બેલડી વિયોગી સ્ત્રીઓને કે પ્રેમી માનવીઓને ગમી નથી ગયાં. એમાં તો એના શરીરના આછા સૌન્દર્યે પણ સારો ફાળો આપ્યો છે.

હિંદમાં હજારો પંખી વસે છે, પણ તેમાં સૌથી મોટું તો સારસ-પંખી જ, પૂરો માણસના માથાપૂર ઊંચો એનો દેહ. લગભગ પાંચ-સાડા પાંચ ફૂટ એની ઊંચાઈ હોય છે. ઊંચો તો ઊંટિયો પણ હોય છે. એની ઊંચાઈ તો એનાં અઢારે વાંકાં અંગને લીધે ઊલટી બેડોળ લાગે છે, જ્યારે સારસ-પંખીની ઊંચાઈ તો એનો શણગાર બની ગઈ છે.

એના શણગારમાં ભભક નહિ, એ શણગાર આછો આછો. મોર પણ મોટું પંખી છે, પણ એને પોતાનું સૌંદર્ય ઊભું કરવા અંગે અંગે અને પીછેપીછામાં વિવિધ રંગ ભરચક ભરવા પડયા છે. મોરથીયે મોટા આ સારસ-પંખીએ તો એક માત્ર આછા આસમાની રંગથી જ પોતાનો શણગાર ઊભો કરી લીધો છે. ભસ્મ ચોળેલા કોઈ અવધૂતમાં રાજરાણી જેવા રૂપના ઠઠારા નથી હોતા. એવા અવધૂતના કંડારેલ દેહમાં જે આછું છતાં મોહક સાંદર્ય હોય છે તેવું જ સૌંદર્ય સારસ-પંખીના દેહ પર હોય છે.

એનાં પેટ, પાંખ અને પડખાં આછા આસમાની રંગનાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એના ઘાટીલા દેહ પર જાણે કુદરતે આછો આસમાની લેપ મારી દીધો છે. શરદની રાતમાં વાદળાં ન હોવા છતાંયે જે આછો આસમાની લેપ આખા ગગનને છાઇ દેતો હોય છે તેવો જ લેપ સારસના દેહ પર હોય છે.

એમાં વિવિધતા બે જ સ્થળે: હાથ જેટલી લાંબી એની ડોક પર અને પૂછડીનાં પીછાં પર. એ બંને ઠેકાણે આસ-માની રંગ ધોવાઇને દૂધિયો રંગ બની જાય. દૂધિયો ને આસમાની રંગ એ એકબીજાની સામે જરાયે ભેદ ઊભો ન કરે.

રાતમાંથી જેમ ખબર પણ ન પડે તેવી રીતે પ્રભાત પડે અને સંધ્યામાંથી જેમ હળવે પગલે રાતરાણી આવી પહોંચે તેવી જ રીતે ડોક અને પૂછડી વચ્ચે બંને રંગ એક-બીજા સાથે ભળી જાય. રંગનો આછો લેપ દેતાં વધતા રંગની ઘેરાશ છેવાડે આવે તેમ પાંખના છેડા વધારે ઘેરાય. પાંખ અંદરના ભાગે ડોક અને પૂછડી જેવા દૂધિયા રંગની હોય છે.

આવા આછા રંગથી શોભતા સુઘાટીલા શરીરને ચળ-કતા લાલ રંગના હાથ–દોઢ હાથ જેટલા લાંબા પગ ઉપાડી રાખે છે. આ લાલ પગ ચોખ્ખા પાણીમાં ફરતા હોય ત્યારે પાણી પર આછા લાલ રંગનાં પ્રતિબિંબ પાડે છે.

આ બધા કરતાંયે એના માથાનો શણગાર એને વધારે શોભા આપે છે. સારસનું માથું અને ત્યાર બાદ ત્રણ–ચાર ઇંચ જેટલી ડોક ચળકતા લાલ રંગની હોય–જાણે લાલ રંગની કલગી ધારણ કરી હોય તેમ જ લાગે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માથાના આવા લાલ શણગારની વચ્ચે નારંગી રંગની એની આંખ ઝબકારા માર્યા કરે. આવા લાલ શણગારની સાથે જ એની લાંબી ચાંચ આછા લીલા રંગની હોય છે. ચાંચનો છેડો જાણે શાહીમાં કલમ બોળી હોય તેવો વાદળી રંગનો હોય છે.

આસમાની, સફેદ અને લાલ આવા ત્રણ જ રંગ. આટલા જ રંગમાંથી આછું સૌંદર્ય મેળવી લેતા મહાકાય સારસે આસપાસના વાતાવરણ સાથે આવી મિલાવટ કરી લેવાની કુશળતા બતાવી છે. જળથી ભરેલાં નીલવર્ણાં નદી, ઝરણાં કે તળાવના તટની સાથે એના શરીરના રંગોએ આબેહૂબ એકરૂપતા મેળવી લીધી છે–તેથી જ તે આ સ્થળોને વિશેષ શોભાવે છે.

આપણાં નદી–નાળાં અને તળાવ–સરોવર પર પંખીઓ તો ઘણાંયે વસે છે, પણ પોતાના શરીરના આછા રૂપથી કોઇ વિશાળ વિસ્તારોને વધારે શોભાકારી બનાવનારું હોય તો આ વિશાળકાય સારસ–પંખી. ગુજરાતનાં નદીનાળાં તો આ પંખીને કારણે વધારે શોભી ઊઠયાં છે.

હિંદના બીજા વિભાગોમાં તો સારસ–પંખી બબ્બેને જોડકે જ ફરતાં દેખાય છે. યુરોપિયન અભ્યાસીઓએ તો તે પરથી માની લીધું છે કે સારસ–પંખી જોડીમાં જ ફરે છે. પણ ગુજરાતમાં તો કોઈ સારાં નદી–નાળાં કે તળાવ–સરોવરને કાંઠે વીસ–પચીસથી માંડીને પંચોતેર–સો સુધીની બહોળી સંખ્યામાં સારસ–પંખી રહેતાં હોય છે. ગુજરાતને એનો લાભ વધારે મળ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એના કંડારેલા ઘાટમાં અને ગંભીર ગર્જના જેવા અવાજ-માં એની ગજગતિ જેવી ગૌરવવંતી ચાલ અને નિરાંતનું ઉડ્ડયન વધારે શોભા આપે છે. નદીકાંઠે કે ખેતરમાં ફરતાં હોય ત્યારે આસપાસ નજર નાખતાં નાખતાં ધીમે ધીમે ગૌરવથી તેઓ ડગલાં માંડતાં જ હોય અને આગળ વધતાં જ હોય–જાણે કશીયે ઉતાવળ નથી, કશી દોડધામ નથી, નિરાંતે જીવન જીવવાનું છે. આ કારણે એના જીવનમાં આરામનું એક અનોખું ગૌરવ ઊભું થઈ ગયું છે.

એની ઊડવાની રીત પણ ગમી જાય તેવી છે. ઊડયું હોય ત્યારે પ્રથમ ધીમે ધીમે પાંખ વીંઝીને શરીરને આકાશમાં તોળી લે છે, ત્યારબાદ ડોકને આગળ લંબાવીને તથા પગને પૂછડી સાથે મિલાવીને ધીમા ધીમા પાંખોના ફટાકા મારીને અંતર કાપ્યે જાય. નહિ ઊંચે, નહિ નીચે એ રીતે આકાશમાં એના વિશાળ શરીરને તોળીને ઊડયે જતાં સારસ–પંખીઓ હારમાળા રચી દે છે.

ગૌરવવંતી ચાલ ને ઉડ્ડયન, આછી દેહશોભા અને ગંભીર અવાજથી શોભતા આ પંખીનું જીવન કેવી નિરાંતનું છે! આખી રાત આંતરે આંતરે ગગન ચીરતી ગંભીર ગર્જનાઓ કરતાં તેઓ નદીકાંઠે પસાર કરે. સવારને પહેલે પહોરે પણ પાણીકાંઠે હળવી ચાલે ફર્યા કરે, પાણી પીધા કરે અને પાણીમાંથી ઝીણી જીવાત શોધીને ખાધા કરે.

ધીમે ધીમે પાણીકાંઠે લોકોની અવરજવર વધે એના વિરોધરૂપે ગૌરવ ચાલે આઘાં–પાછાં થતાં જાય ને સામ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામાં અવાજ કરતાં જાય. થોડીવારે એક પછી એક ઊડવા લાગે અને પાસેનાં વાડી–ખેતરમાં પહોંચી જાય.

રોજ જવાને કારણે ઓળખીતા થઈ ગયેલા ખેડૂત-લોકોની પડખે તે ખેતરે ખેતરે ફર્યા કરે. ખેતરમાંથી તે ઝીણાં જીવડાં, કૂણી વનસ્પતિ, ચણાના પોપટા વગેરે ખાધા કરે અને ખેતરને આ છેડેથી પેલે છેડે આંટા માર્યા કરે. ખેડૂત તેની પાસેથી પસાર થાય તોય એને કાંઈ નહિ. પણ કોઈ અજાણ્યો માણસ આવે તો 'કૂઉ....'એવા અવાજ કરીને પોતાની જોડીને ખબર આપે.

એના આ સ્વભાવને કારણે સારસને ક્યાંક ક્યાંક ઘેર પાળવામાં આવે છે અને કૂતરાને બદલે તેને ઘરનાં ચોકિ-યાત બનાવવામાં આવે છે. ફળિયામાં ફરતું સારસ–પંખી કોઈ અજાણ્યા માણસને દેખતાં તરત જ ગર્જના કરીને ઘરના લોકોને જાણ કરે છે અને આવનારને રોકી રાખે છે.

આખો દિવસ તે વાડી–ખેતરમાં ગાળે, સાંજને વખતે ધરતી પર આછાં અંધારાં ઊતરવા લાગે એટલે તેઓ પોતાનાં શરીરને વિશાળ પાંખો પર તોળીને, પાંખોના ધીમા ફટાકા મારતાં મારતાં, પોતાના હમેશના રહેઠાણના પાણીકાંઠા તરફ પાછાં વળે. ઊડતાં ઊડતાં 'આવીએ....છીએ....આવીએ છીએ' એવા જાણે પોતાના રહેઠાણને સંભળાવતાં હોય તેમ 'કૂઉ....કૂ' એવા એક પછી એક અવાજ કરતાં જાય અને કાળા ઘેરા અંધકારને વીંધતા એના બોલ દૂર દૂર સુધી પડછંદા પાડતા જાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ રીતે તે આખું વર્ષ ગાળે. જુલાઈથી સપ્ટેંબર એના ઈંડાં મૂકવાના દિવસો. આ દિવસોમાં તે ખૂબ આનંદમાં આવી જાય અને વધારેમાં વધારે ગર્જના કર્યા કરે. ચોમાસાના ઘેરા મેઘ–વરસતા વાતાવરણને વીંધતી એની રાત્રિની ગર્જનાઓ વિયોગી લોકોને સંભારણાં જગાડે છે અને પીડાકારી બને છે. આ વખતે ગર્જના કરતાં તે પોતાની ડોક ઊંચી–નીચી નમાવ્યે જાય છે અને થોડીક પાંખ પસારીને નૃત્ય પણ કરી નાખે છે. આ વખતે તેમનાં ગળાં આસપાસનો લાલ રંગ વધારે લાલ થતાં તેને વિશેષ શોભા આપે છે.

આ વખતે તે એના ચાલુ રહેઠાણને છોડીને નદીના કોઈ બેટમાં કે તળાવના પાણીથી વીંટેલા કોઈ વચલા પ્રદેશમાં જઈ પહોંચે છે અને ત્યાં એના આગલા વર્ષના માળા હોય છે તેને ઠીકઠાક કરવા લાગે છે.

એનો માળો ચાર–છ ફીટ લાંબો હોય છે. પાંદડાં, વેલા, કરાંઠીઓ વગેરે ભેગાં કરીને તેની આસપાસ તે કાદવ ભરી દે. દૂર દૂરથી પણ જોઈ શકાય એવો નાના ઢગલા જેવડો તે માળો બનાવે અને એના પર બેથી ત્રણ ઈંડાં મૂકે.

એનાં ઈંડાં આછા સફેદ રંગનાં હોય. ઈંડાં પર આછાં છૂંદણાં હોય. એક બાજુ થોડાંક અણીદાર અને લંબગોળ ઈંડાં નાળિયેરના ગોટાથી સહેજ નાનાં હોય. દૂરથી પણ એનાં ઈંડાંને જોઈ શકાય. ઈંડાં પર સારસ–પંખી પગ દબાવીને સેવવા બેસી જાય.

એનું આવડું મોટું શરીર ને લાંબા પગને કારણે આગ–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જૂના વખતમાં લોકો માનતા કે તે ઊંચો ઊંચો માળો બનાવીને તેના પર માણસ ઘોડો પલાણે તે રીતે બેસીને ઇંડાં સેવે છે, પણ એને બરાબર ઇંડાં સેવતું દીઠા પછી આ વાત ખોટી ઠરી છે.

સારસ-પંખી પોતાની જોડી પ્રત્યે પ્રેમી ગણાય છે તેવી જ રીતે તે એનાં બચ્ચાં પર પણ ખૂબ પ્રેમ બતાવે છે. જમીન પર જ માળા બાંધીને સારસ ઇંડાં મૂકે છે. આ કારણે એનાં બચ્ચાં ઇંડાંમાંથી બહાર નીકળતાંવેંત માબાપ સાથે આહાર મેળવવા નીકળી પડે છે.

સારસ ઇંડાં સેવતાં હોય ત્યારે કે બચ્ચાં નાનાં હોય ત્યારે જો કોઇ એના માળા પાસે જાય તો જોઇ લો એની દશા! નર અને માદા ત્યાંથી ખસે જ નહિ અને ક્યારેક આવનારને ચાંચ મારીને ઘાયલ પણ કરે. જ્યાં સુધી આવનાર એ પ્રદેશ છોડીને ચાલ્યો ન જાય ત્યાં સુધી એ જંપીને ન બેસે, ત્યાં સુધી એનું ગાન પણ બંધ થઈ જાય-ક્યારેક ભયની ચીસ પાડે ખરાં.

આવા સુંદર પંખીને ઇંગ્લંડમાં વસાવવા માટે ઘણાં વર્ષથી પ્રયત્ન થતો હતો, છેવટ ૧૯૩૨માં એણે પહેલીવાર ઇંડાં મૂક્યાં. તેમાંથી બચ્ચાં પણ ઊછર્યાં. લોકોને તો આ જોવાનું થયું. લોકો આવતા જાય અને સારસ-પંખીને કાંઇ કાંઈ ખાવાનું આપતા જાય. કાંઇ ખાવાનુ મળે કે તરત જ નર-માદા તેનાં બચ્ચાં પાસે દોડી જાય અને બચ્ચાંને તે ખવરાવી આવે. આવો એમનો બાળપ્રેમ હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવા ભાવથી નદી કે તળાવ વચ્ચે ઉછેરતાં ઉછેરતાં, બચ્ચાં મોટાં થાય કે તરત, સારસ–સારસી પોતાને જૂને રહેઠાણે આવી જાય. સારસની જોડી પાસે તેનાં એકાદ–બે બચ્ચાં ફર્યા કરે. જ્યાં સુધી બચ્ચું મોટું થઈને પોતાનું જોડીદાર ન મેળવી લ્યે ત્યાં સુધી તે માબાપની સાથે જ જીવ્યા કરે, નદીકાંઠે ફરે અને આહાર મેળવવા ખેતરમાં ઊડી જાય.

આ પંખીનું સંસ્કૃત નામ પણ સારસ જ છે. ગામડાંના લોકો તેને સારસડા કે સાડેસડા એવે નામે ઓળખે છે. એના મોટા શરીરને કારણે એને કયાંક 'ડાઘાં' પણ કહે છે. અંગ્રેજીમાં તો એને આપણા દેશના નામ પરથી જ નામ આપવામાં આવ્યું છે.

આપણે ત્યાં દર વર્ષે દૂર દૂર દેશાવરથી હજારો કૂંજડાં અને કુલંગ નામનાં પંખી આવે છે તેને તમે જોયાં છે? આ પંખીઓ પણ સારસનાં કુટુંબીજનો જ છે. વિદેશી કુંજ અને કુલંગ એમના જીવનવ્યવહારથી આપણા લોકોને ગમી ગયાં છે, એ જ રીતે આપણે ત્યાં કાયમ રહેનાર આ સારસ–પંખીએ પણ આપણા લોકોનો પ્રેમ મેળવી લીધો છે.

નદીકાંઠે ફરીને જે પંખીઓ આહાર મેળવે છે તેના બે વિભાગ : (૧) પાણીની અંદર તરનારાં, (૨) લાંબા પગે પાણીની અંદર ઘૂમીને જીવાત ખાનારાં. સારસ આ બીજી જાતનું પંખી ગણાય છે.

પાણીને કાંઠે ઘૂમીને જીવાત મેળવનારના પણ બે વિભાગ : (૧) ઝાડ પર બેસી શકે તેવું–એમનાં આંગળાં ઝાડ પર બેસી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકે તેવાં જોરાવર હોય છે. એમાં બગલાં વગેરે પંખીને ગણી શકાય. (૨) ઝાડ પર ન બેસી શકે તેવાં–આ પંખીઓનું પાછલું ચોથું આંગળું ડાળ પકડી શકે તેવું જોરદાર હોતું નથી. આથી તેઓ ઝાડ પર બેસી શકતાં નથી સારસ, કુંજ અને કુલંગ વગેરે પંખીઓ આ જાતનાં કહી શકાય.

આ પંખીઓ પાણીકાંઠે વસે ખરાં, પણ ઊંડા પાણીમાં જઈ શકે નહિ. આ કારણે તેઓ ત્યાંથી તેમનો પૂરેપૂરો આહાર મેળવી શકતાં નથી. તેથી તેઓ વાડી–ખેતરોમાં પહોંચી જાય છે અને તેમનો આહાર મેળવ્યા કરે છે. વળી તેઓ ઝાડ પર બેસી શકતાં નથી, આથી તેમને નદીને કાંઠે કે તળાવને તીરે જમીન પર જ જીવન ગાળવાનું રહે છે.

જીવનના આવા ટૂંકા વ્યવહારમાં પણ તેમણે ધીમી ચાલ અને ગૌરવવંતું ઉડ્ડયન, ગંભીર અવાજ અને આછા સૌંદર્યથી આપણા લોકોનું મન હરી લીધું છે અને અજોડ પ્રેમીઓનો દાખલો આપીને માન પણ મેળવી લીધું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણાં મહેમાન

કુંજ

નાનું મજાનું ગામ છે. ગામને પાદર વાડીઓનાં ઝુંડ છે. વાડીઓની વચ્ચે પીરની દરગાહ છે. દરગાહના મુજાવર જઈફ અવસ્થાના છે. આખો દિવસ દરગાહ વાળેચોળે છે અને સાફ રાખે છે.



કુંજ

દરગાહની આસપાસ નાનો એવો બગીચો બનાવ્યો છે. સવાર–સાંજ બગીચાને પાણી પાય છે. બગીચાની વચ્ચે ચોકમાં એ દાણા નાખે છે. સવાર–સાંજ મોર, પોપટ, પારેવાં ત્યાં ઊતરી પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સફેદ દાઢી–મૂછથી શોભતા મુજાવર મોર–પોપટને હાથમાં ચણ લઈને ખવરાવે છે. પંખી એમની સાથે એટલાં બધાં હેવાયાં થઈ ગયાં છે.

સવારનો પહોર છે. આસો માસના દિવસો છે. આકાશના પટ પર હજારો કુંજડીઓનાં ટોળાં વીંજણાના આકાર રચતાં ચાલ્યાં જાય છે. ગામ, પાદર, વાડીઓ અને સીમ પર કરરરાં કરરરાં !' ના મીઠા અવાજ કુંજડાં વેરતાં જાય છે.

મુજાવર બેઠાં બેઠાં દરગાહના ઓટા પર તસબી ફેરવી રહ્યા છે. અચાનક પાસેની ઘટામાંથી 'ધૂ....મ....' કરતો બંદૂકનો ભડાકો થયો અને બીજી જ ક્ષણે 'કરરાં....કરરાં'ની આકાશને ચીરી નાખે તેવી કરુણ ચીસો નાખતી એક કુંજડી દરગાહના બગીચાના ચોકમાં ભફ્ કરતી પડી.

તસબીને ગળામાં નાખતાં મુજાવર તરત ઊભા થયા અને દોડીને કુંજડી પાસે પહોંચ્યા. જુએ તો કુંજડીની એક પાંખમાંથી લોહી નીકળી રહ્યું છે. બંદૂકની ગોળી એક પાંખના મૂળને કાપતી ગઈ છે. દોડીને મુજાવરે પાંખ પર પાણી રેડ્યું. લોહી નીકળતું બંધ થયું.

થોડી થોડી વારે કુંજડી પોતાના ઊડી જતા ટોળાના અવાજ સાંભળીને ઊડવાના પ્રયાસ કરે છે, પણ એક પાંખ ખોટી થઈ જતાં ઊડી શકતી નથી. કુંજડીની આંખમાં ટોળાથી જુદાં પડી જવાનું દુઃખ તર્યા કરે છે.

મુજાવરે એની મુલાયમ લાંબી ડોક પોતાના ખોળામાં લીધી અને કુંજડીને પંપાળવા લાગ્યા. કુંજડી નિરાંતથી ડોક લંબાવીને તેમના ખોળામાં પડી રહી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડીક વાર થતાંમાં તો ત્યાં એક સંધી આવીને ઊભો રહ્યો. પડછંદ શરીર, હાથમાં બંદૂક, ખભે દારૂનાં પોટલિયાં. મોઢે બુકાનું બાંધ્યું છે. મુજાવરના ખોળામાં પોતાના શિકાર કુંજડીને પડેલી જોઈને તે બોલ્યો:

'એ સાંઈ, છોડી દો એ કુંજડી. મારો એ શિકાર છે.'

સાંઈએ કહ્યું: 'બચ્ચા, પીરની દરગાહમાં વળી તારો શિકાર કેવો ? પીર પાસે તો ઈન્સાન કે પંખી સૌ બચ્ચાં છે. દરગાહને ખોળે આવી પડેલી કુંજડી તો પીરનું બચ્ચું કહેવાય. એ બચ્ચું મારાથી તને કેમ દેવાય ? બીજું તો કાંઈ નહિ બચ્ચા, પણ પાક પરવરદિગારની દરગાહ પાસે જ તને આ પાપ કરવાનો વિચાર ક્યાંથી આવ્યો ? દરગાહની એટલીયે અદબ ન રાખી શક્યો કે ? તેં તો કુંજડીને મારી. પણ પરવરદિગારે એને બચાવી. પરવરદિગારના એ પ્યારા બચ્ચા પર હવે ખરાબ નજર ન નાખતો, બચ્ચા ! જા, ખુદા તારું ભલું કરે !'

સાંઈના મીઠા બોલ જંગલી જેવો સંધી સાંભળી રહ્યો. અને ધીમે ધીમે ત્યાંથી ચાલતો થયો.

સાંઈ તો કુંજડીને રોજ પાટાપિંડી કરે છે. ઘા રુઝાઈ ગયો પણ એ પાંખ ખોટી થઈ ગઈ. ઊડવા માટે કુંજડી ક્યારેક પ્રયાસ કરે છે, પણ ઉડાતું નથી તેથી કરુણ નજરે સાંઈ સામે અને આકાશ સામે જોઈ રહે છે. થાકીને સાંઈની ડોક પર ગરદન નાખીને એ પડી રહે છે. સાંઈ તો રોજ કુંજડીને ખેતરમાંથી કૂણું અનાજ લાવીને ખવરાવે છે. કુંજડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંઈની પાસેથી દૂર ખસતી જ નથી. આખો દિવસ દરગાહની આસપાસ આંટા માર્યા કરે છે.

આમ કરતાં કરતાં એક વર્ષ પસાર થઇ ગયું. ભાદરવો પૂરો થઈ આસો માસ બેઠો છે. શરદનાં રડયાંખડયાં વાદળાં વિનાનું આકાશ સાફ છે. એવા સાફ આકાશ માથે કુંજડીઓનાં ટોળાં દૂર દૂરથી આવવા લાગ્યાં. એક પછી એક ટોળું પસાર થવા લાગ્યું અને સાંઈની કુંજડી 'કરરાં કરરાં'ના અવાજ કરીને તેમને બોલાવવા લાગી.

એક દિવસ સવારને પહોર કુંજડીનું એક ટોળું આકાશમાં ઊડયું જાય છે. સાંઇની કુંજડીના અવાજથી એ ટોળું અટકયું અને આકાશમાં ચકરાવા લેતું સામા અવાજ દેવા લાગ્યું.

સાંઈની કુંજડીએ વિશેષ અવાજ દીધા અને ટોળામાંથી એક કુંજડું નીચે ઊતર્યું. બરાબર દરગાહના બગીચામાં આવીને બેઠું. સાંઈની કુંજડીએ 'કરરાં'ની કરુણ ચીસો નાખી ને કુંજડાને મળવા દોટ દીધી. સામેથી પેલા કુંજડાએ પણ મળવા દોટ દીધી. જાણે એક વર્ષના વિયોગ બાદ પતિ–પત્ની મળતાં હોય તેવા ભાવથી એકબીજાને ભેટી પડયાં, એકબીજાની ડોક ભેરવીને જમીન પર જઇ પડયાં–બંનેના પ્રાણ પડતાંવેંત ઊડી ગયા!

આકાશમાં ઊડતું ટોળું થોડાક વધારે ચકરાવા ફરીને તથા થોડીક વધારે ચીસો નાખીને રવાના થઈ ગયું. સાંઈએ આવીને એક વર્ષનાં એ વિયોગી પ્રેમી–પંખીઓને ત્યાં જ દાટયાં અને તેમના પર કબરો મૂકી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પ્રેમી કુંજડાંના પ્રાણ--ત્યાગની વાત સાચેસાચી બની ગઈ કહેવાય છે. કોઈ કહે છે કે કાઠિયાવાડના વડિયા ગામ પાસે તે બની છે, કોઇ કહે છે બાબરિયાવાડના લોહ ગામને પાદર બની છે. ૪૦--૫૦ વર્ષ પહેલાંની જ આ વાત.

આવાં પ્રેમી ગણાતાં કુંજનાં ટોળાં દર આસો--કારતક માસમાં ગામને માથેથી પસાર થાય, ગામને પાદર સવારને પહોર ઢોર મૂકવા આવેલાં નાનાં છોકરાં તેમના 'કરરરાં.... કરરરાં'ના અવાજ સાંભળે અને ગાંડાંતૂર બને, ઠેકતાં ઠેકતાં તેઓ કુંજડાંની સામે લાંબા હાથ કરે અને બોલવા લાગે:

કુંજડી..........કુંજડી........
મારા મામાને રામરામ કહેજે...

બાળકો માને છે કે કુંજડાં મામાને દેશથી આવે છે અને પાછાં મામાને દેશ જવાનાં છે. આથી તેઓ કુંજડાંની સંગાથે મામાને 'રામરામ'નો સંદેશો કહાવે છે.

બાળકોને જવાબ દેતાં હોય તેમ કુંજડાં 'કરરરાં.... કરરરાં'ના બીજા અવાજ કરે છે અને પોતાનો સંદેશો મામાને મળશે એવા સંતોષથી બાળકો રમવા લાગી જાય છે.

કુંજડીની સાથે સંદેશો મોકલવાના આ સંસ્કાર ગામડાંનાં છોકરાંને માના ધાવણમાંથી જ મળે છે, કારણકે તેમની માતાઓએ રાસડા ગાતાં તેમના પતિને આ કુંજડીઓ સાથે જ સંદેશા મોકલ્યા હોય છે કે:

કુંજલડી રે સંદેશો અમારો
જઇ વાલ્યમને કે'જો જી રે

ગામડાંની સ્ત્રીઓએ બીજાં કેટલાંક ગીતોમાં મોર, પોપટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે કાગડા સાથે સંદેશા મોકલ્યા છે, પણ એ પંખીઓ આપણો દેશ છોડી પરદેશ ક્યાં જાય છે કે તેઓ સંદેશો પહોંચાડે?

સંદેશો પહોંચાડનાર કુંજડાં સાચાં, કારણકે તેઓ દરિયો પાર કરીને આપણે દેશ ઊતરે છે. ગામડાંની સ્ત્રીઓના જવાબમાં તેથી જ કુંજડાં પણ ગાય છે કે :

સામા કાંઠાનાં અમે પંખીડાં
ઊડી ઊડી આ કાંઠે આવ્યાં જી રે

આ કાંઈ કોઈ કવિ કે ગામડાંની સ્ત્રીની કલ્પના જ નથી, તદ્દન સાચી વાત છે. કુંજ દક્ષિણ યુરોપ, ઉત્તર અને મધ્ય એશિયાનાં મૂળ વતની છે. આપણે ત્યાં તો તેઓ થોડા માસનાં મહેમાન તરીકે આવે છે. ચોમાસું ઊતરતાં આપણે ત્યાં ખેતરો લણાવા લાગે એ વખતે કુંજડાં પરદેશથી આવી પહોંચે. ખેતરે ખેતરે તેઓ ફરવા લાગે અને લણતાં લણતાં દડી ગયેલા દાણા ચણવા લાગે.

શિયાળો બેસતાં નવા પાક વવાવા માંડે અને કોસ જોડાય. કુંજડાં પણ વાડીએ વાડીએ ફરવા લાગે અને ઘઉંના કોંટા તેમ જ ડૂંડીઓ, શાકભાજીની કૂંપળો તેમ જ કંદમૂળ ખાવા લાગે. લીલા મગની શિંગો તો દીઠી મૂકે નહિ. ક્યારેક નાની જીવાત અને જીવડાં પણ ખાતાં જાય.

અનાજને અભાવે જ દૂર દેશાવરથી કુંજડાં આપણે આંગણે મહેમાન તરીકે આવેલ મનાય છે, તેથી તેમને ઉડાડવામાં ખેડૂતો પાપ સમજે છે. આથી કુંજડાં સવારને પહોર લહેરથી વાડીઓમાં રંજાડ કરી જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહા માસમાં ઘઉં લણાય. તેના પડયા દાણા કુંજડાં ખેતરોમાંથી વીણી ખાય. ખેતરો ખાલી થાય એટલે હોળી બાદ કુંજડાં પાછાં પોતાના વતન તરફ ઊપડે. કાઠિયાવાડને કાંઠેથી અરબીસમુદ્ર તરફ તેમને ઊડી જતાં જોઈને જ ગામડાંની સ્ત્રીઓએ ગાયું હશે કેઃ

કુંજલડીને વા'લો મીઠો મે'રામણ,
મોરને વા'લું ચોમાસું રે......

તો બીજા કોઈ ગામડાની સ્ત્રીએ લગ્નના ગીતમાં ગાયું કેઃ—

લાંબી ડોકે કુંજડ રાણી!
તારાં મધદરિયે મન મોહ્યાં રે, કુંજડ રાણી!

પોતાના પોષણ માટે જ કુંજડી આપણે ત્યાં આવેલ. એ કુંજડીને પાછી વળતી જોઈ ને ઘરના પોષણ માટે જ પરદેશ વેઠવા ગયેલ પોતાના પતિને ગામડાની સ્ત્રી સંદેશો મોકલે છે. પણ કુંજડી જવાબ આપે છેઃ

માણસ હોય તો મુખોમુખ બોલે,
લખો અમારી પંખડિયાં રે—

રાજપુતાનાની એક રજપૂત રમણીએ કુંજડી સાથે સંદેશો નહિ મોકલેલો. એણે તો સીધી માગણી જ કરેલી કેઃ 'હે કુંજડી, તારી પાંખો મને આપ તો એ પાંખો પહેરીને મારા પતિને મળી આવું, મળી આવ્યા બાદ પાંખો તને પાછી આપીશ.'

કુંજડીએ કહ્યું : 'ના, ના. હું તો સરોવરની સાથે રહેનારી, હું પાંખ કોઈને ન દઉં. પાંખ આપું તો પછી મારે તો ભર્યાં સરોવર જોઈ ને બેસી જ રહેવું પડે ને ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે પછી રજપૂતાણી એની સાથે સંદેશો કહાવે છે. કુંજડી કહે છે: 'હું ક્યાં માણસ છું કે મુખોમુખ સંદેશ કહી શકું? જે કાંઇ સંદેશો મોકલવો હોય તે મારી પાંખ પર લખી દે.'

પણ રજપૂતાણી જવાબ આપે છે: 'એમ તો સંદેશો કેમ મોકલાય? પાંખને તો પાણી અડે અને શાહી ઓગળી જાય. તેથી જ તો મોઢે સંદેશો મોકલું છું.'

આ રજપૂતાણીને કુંજડી સાથે સંદેશો મોકલવાનું મન ક્યાંથી થયું? પતિ પરદેશમાં હતો તેથી રજપૂતાણીને ઊંઘ આવતી ન હતી. એ વખતે રાતને સમયે ઘર પાછળના વનમાંથી કુંજડીનો અવાજ થાય છે અને રજપૂતાણીને પતિ સાંભરતાં આંસુ ખરી જાય છે.

રાતને સમયે તેણે કુંજડીને ક્યાંથી સાંભળી હશે? કુંજનાં ટોળાં દિવસને વખતે કરરરાંના અવાજ કરતાં નીકળે છે ત્યારે એ અવાજ તરફ આપણું ખાસ ધ્યાન ન જાય. એ જ અવાજ સૂની રાતને સમયે વિયોગી માણસના હૈયામાં દુ:ખ ઊભું કરે તેવો હોય છે.

કુંજડીઓ રાતને વખતે ટોળે વળીને કોઈ નદીને કાંઠે કે સરોવરને કિનારે પથરાઈ જાય છે. ક્યારેક ખેતરોમાં પણ રાતવાસો રહે છે. તેઓ નિરાંતે ઊંઘતાં હોય છે ત્યારે ગળાં-માંથી ધીમો ધીમો કરરરર કરરરર અવાજ નીકળે છે.

આ વખતે ત્રણ–ચાર પંખીનો અવાજ મોટેથી સંભળાય છે. આ પરથી આપણે ત્યાં મનાય છે કે ઊંઘતાં ટોળાંની ચાર પંખી વારાફરતી જાગતાં ચોકી કરતાં હોય છે. તેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેરેગીરની પેઠે કરરરાંના અવાજ કરીને સામસામી આલબેલ દેતાં હોય છે. આ પંખી એટલાં બધાં સજાગ હોય છે કે જરાક પણ સળવળાટ થાય કે ચેતી જાય છે.

મોટે ભાગે નદીના બે પ્રવાહની વચ્ચે કુંજનાં ટોળાં બેસે છે. કોઈ શિકારી માણસ કે જનાવરને તેના પર હલ્લો કરવા માટે પાણીમાંથી પસાર થવું પડે, તેથી પાણીનાં છળછળિયાં બોલે અને કુંજડાં ચેતી જાય.

આવાં સજાગ કુંજડાં પોતાનો પ્રવાસ રાતને સમયે જ કરે છે. તેઓ વહેલી રાત્રે ઊડવાનું શરૂ કરે છે. સવાર સુધી તેઓ પંથ કાપ્યા કરે છે. સવારે સારાં ખેતરો જોઇને ઊતરે અને તેમાં પથરાઈ જાય. આખો દિવસ એ ખેતરોમાંથી ખોરાક ખાધા કરે. સાંજે આસપાસના પાણીકાંઠા પર જઇને તરસ છિપાવે અને થોડી વાર નિરાંતથી બેસીને થાક ઉતારે. વળી રાતનાં અંધારાં ઊતરવા લાગે એટલે તેઓ ઊડવા લાગે.

કુંજડીની સાથે સંદેશા મોકલી શકાય છે તેથી શું તેઓ આપણાં લોકોને બહુ ગમી ગયાં હશે ? ના, ના. એટલું જ કારણ નથી, બીજાંયે કારણો છે. એ કારણો તેના શરીરનું રૂપ, તેની ધીમી ચાલ, તેના જીવનની રીતભાત અને તેના ઊડવાની છટા–આ બધાંએ લોકોનાં મન હરી લીધાં છે.

કુંજનો દેહ ૩ થી ૩॥ ફીટ ઊંચો હોય છે. દૂરથી બગલા જેવડો જ લાગે. પણ બગલાના શરીર પર તો સાધુ જેવો એક સફેદ જ રંગ હોય છે, કુંજના શરીર પર તો આછો આસમાની રંગ શોભતો હોય છે. શરદનાં વાદળાંમાં જે સોહા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મણો રંગ હોય છે તેવો આછો વાદળી રંગ કુંજનો હોય છે. એવો આછો આસમાની રંગ એના સુગઠિત અને પાતળા શરીર પર ફરી વળે છે.

આવા સુંદર શરીર પર લાંબી ડોક ઊભી હોય છે. એ ડોકની નીચે કાળાં પીછાંની છડીઓ લટકતી હોય છે--ઠેઠ ગળાથી પેટ સુધી. ડોક ઉપરના ભાગે દૂધિયા આસમાની રંગની અને નીચલા ભાગે પીછાંને લીધે કાળી. આવી ગંગા-જમની ડોક પર માથું અને ગરદન આછા કાળા રંગનાં હોય છે.

આવા કાળા રંગની વચ્ચે એની આંખો લાલ લાલ રંગથી ચમકતી હોય છે-બરાબર જાણે પારેવાની આંખ જોઈ લો. આવી સુંદર આંખોને વધારે શોભાવે છે એ આંખ પાસેથી નીકળતી સફેદ પીછાંની કલગી. એ કલગી ડોકની પાછળ સુધી ફરકતી હોય છે. રાજા-બાદશાહોને તો કલગીઓમાં બહારથી લાવીને પીછાં ખોસવાં પડે, પણ કુંજને તો કુદરતે જ કલગી આપી છે.

આંખ બાદ એની ચાંચ આવે. એની ચાંચનો રંગ લીલો. ચાંચની અણી લાલ રંગની. પગ કાળા અને તેની પાંખનાં પીછાંનાં છોગાં લટકતાં હોય.

કુંજનું આ રૂપ જોઈને જ કાઠિયાવાડી દુહાગીતોમાં ગિરમાં થઈ ગયેલા રાણા નામના પ્રેમીની પ્રિયતમા કુંવરને તેની ઉપમા આપતાં ગાયું કે :

> સાણે વીજું સાટકે, નાંદી મેલે નેસ,
> કુંવર બચ્ચું કુંજનું, બેઠી બાળો વેશ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તદ્દન નાજુક સ્ત્રીને કુંજની ઉપમા અપાતી. આપણે ત્યાં એક કહેવત પણ છે કે: 'છે કોઇ કુંજના બચ્ચા જેવી !' આવી કુંજનો શિકાર થાય એ આપણાં લોકોને કેમ ગમે ? આડોડિયા કે વાઘરી, મિયાણા કે સંધી જો કુંજડાંનો શિકાર કરે તો ગામલોકો અને મહાજનો એમનો બહિષ્કાર કરે છે.

છતાંયે આડોડિયા કુંજડાંનો શિકાર કર્યા વિના રહી શકતા નથી, કેમકે કુંજડાંનું માંસ ખાવામાં મીઠું ગણાય છે. એમના ટાયડા જેવા ઘોડા પર ચડી, દેશી બંદૂકના ભડાકાથી તેઓ કુંજડાંને વીંધી નાખે છે. ચકોર કુંજનો શિકાર કરવામાં ઠીક ઠીક હોશિયારી જોઇએ. આડોડિયાની તો સ્ત્રીઓ પણ ઘોડે ચડીને કુંજડાંનો શિકાર ખેલતી હોય છે.

આવો શિકાર ચાલતો હોય ત્યારે એકાદ કુંજડી મરતાં આખું ટોળું કરરરાંની કરુણ ચીસોથી આકાશને ભરી દે છે. કુંજડીઓનું ટોળું મરેલ કુંજડીની ઉપર ચકરાવા માર્યા કરે છે અને પોતે પણ બંદૂકના ભડાકાનો ભોગ થઈને નીચે પડે છે. મરેલ કુંજડીની મુલાયમ ડોક લાંબી લાંબી લબડતી હોય છે. એ દેખાવ કોઇના પણ હૈયામાં દયા ઉપજાવે તેવો હોય છે.

પણ આપણાં લોકો માને છે તેટલાં કુંજ કોમળ હોતાં નથી. એના દેહમાં જે કોમળતા દેખાય છે એ કારણે તેમને કોમળ માની લીધાં હશે, ખરી રીતે તો કુંજ ખારીલું પંખી છે.

શિકારીઓ જ્યારે એનો શિકાર કરવા આવે છે ત્યારે એનાં ટોળાં તેનઃ પર ઊડવા લાગે છે તે ખીજમાં જ. નદીમાં બેઠેલ કુંજના ટોળા પર કોઈ શિકારી જનાવર હલ્લો કરે તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધાં કુંજ ચીસો નાખતાં એના પર ઝપટો મારવા લાગે છે. પરિણામે જનાવરને ત્યાંથી નાસી જવું પડે છે.

અમારા મિત્રે ગામડામાંથી કુંજનો એક કિસ્સો મોકલેલો. એક જંગલી બિલાડો કુંજનો શિકાર કરવા ગયેલ. એકાદ કુંજે તેને ગળચીએથી પકડયો અને આકાશમાં અદ્ધર ઉપાડી ગયું. ત્યાંથી તેને નીચે પછાડયો અને જંગલી બિલાડાનાં હાડકાં ખોખરાં કરેલાં.

એક બીજી વાત તો તેમણે જાતમાહિતીની મોકલેલી. એક માણસ કુંજનો શિકાર કરવા તેના ટોળા પાસે બંદૂક સહિત પહોંચી ગયો. પણ બંદૂકનો અવાજ કરે તે પહેલાં કુંજ તેના પર તૂટી પડયાં અને તેને ત્યાંથી નસાડયે છૂટકો કર્યો.

આ પંખીના બોલવાના અવાજ પરથી જ હિંદી રાજસ્થાની વગેરે ભાષામાં તેનાં નામ પડયાં છે. અંગ્રેજોએ તો તેનું રૂપ જોઈને તેને 'રૂપસુંદરી' એવું નામ આપી દીધું છે.

આ રૂપસુંદર કુંજ આપણે નદીકાંઠે બારે માસ રહેતાં સારસનું પિતરાઈ ગણાય છે. તેનું પાછલું આંગળું જોરદાર નથી હોતું તેથી તે ઝાડ પર બેસી શકતું નથી, ઊંડાં પાણીમાં જઈને તરી શકતું નથી. એ તો નદીને કાંઠે કાંઠે ફર્યા કરે અને આહાર તો ખેતરોમાંથી જ મેળવી લે. માળા તે જમીન પર જ બાંધે. બચ્ચાં ઈંડાં ફોડીને બહાર નીકળે કે તરત ચાલવા લાગે.

કુંજના શરીરમાં જે શાંત રૂપ છે એથીયે વધારે રૂપ એની ઊડવાની રીતમાં છે. કોઈ પંખીનું ગાન સુંદર હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો કોઇની ચાલ સુંદર હોય, કોઇના રંગ સુંદર હોય તો કોઈની ઊડવાની છટા સુંદર હોય.

પંખી-જગતમાં ગરુડ અને ગીધનાં આકાશ-વિહારી ઉડ્ડયનમાં રાજશાહી મોહકતા હોય છે, પણ એ ઉડ્ડયન તો એકાકી ચકરાવા જેવાં હોય છે; જ્યારે કુંજના હજારો પંખી-ઓએ આકાશી દરિયા પર ઊડીઊડીને જે મોજાં રેલાવ્યાં છે તેનું રૂપ તો જુદી જ જાતનું છે.

કુંજના ટોળાની સંખ્યા પચાસ-સોથી માંડીને હજાર-હજાર સુધી પહોંચી જાય છે. દરેક ટોળાની દરેક વખતે ઊડવાની છટા પણ જુદી જુદી જાતની.

જમીન લગોલગ ઊડતાં ૫૦-૧૦૦ પંખીઓ લાંબી ડોકે, આગળ સીધી ચાંચ રાખીને, પાછળ પગ લંબાવીને એક સાથે છૂટેલાં તીરનો દેખાવ ઊભો કરે છે. તેની પાંખો પહોળી થતાં દેખાઈ આવતો સફેદ રંગ આડા પટ્ટા કરીને એ તીરોને શોભાવતો હોય છે.

એક પછી એક ઊડયે જતાં હોય અને ધીમો ધીમો કરરરાંનો અવાજ કરતાં જતાં હોય. એક મોવડી સાૈથી મોખરે હોય, બીજાં પંખીઓ તેની પાછળ પહોળા ખોડીબારાનો આકાર રચીને પાછળ બે હારમાં ઊડયે જતાં હોય—જાણે આકાશના વિશાળ દરવાજા પર તોરણ લટકતું જાય છે. આવા પંખી-તોરણને જાણે પવન નમાવતો હોય તેવો દેખાવ કુંજની લચકતી ઊડને કારણે ઊભો થઈ જાય છે.

લણણી-ટાણે સવારના પહોરમાં એનાં ટોળાં એક પછી એક ઊડવા લાગે છે-જાણે આકાશી ઘુમટને હાર પહેરા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વવાની હરીફાઈ ચાલે છે. ક્યારેક તો બધાં ટોળાં ભેગાં મળીને સાંકળ જ રચી દે છે. એ સાંકળ આકાશના એક છેડાને બીજા છેડા સાથે જોડી દે છે–જાણે આકાશી દરિયા પર ઊડતો સેતુ બંધાઈ ગયો.

કલાકો સુધી એક એક પંખી આવતું જાય અને ઊડતા સેતુની સાંકળ સાંધ્યે જાય. આવી હારમાળામાંથી એકાદ કુંજડી આડીઅવળી થાય અને હારમાળા તોડે એ ગામડાંનાં બાળકોને કેમ ગમે ? તેઓ તરત જ એ એકલવાઈ કુંજડી સામે હાથ લાંબા કરીને બોલવા લાગે—

પાછલી કુંજડી, હીપડે દાઢી

આ સાંભળીને શરમાતી હોય તેમ પેલી કુંજડી પોતાની હારમાળામાં જોડાઈ જાય અને તૂટેલું રૂપ સાંકળી લે.

આ બધા કરતાંયે એનાં હજારો પંખીઓ આકાશના પટ પર હારમાળાની રેખાને તોડીને જે સમૂહ--સૌંદર્ય ઊભું કરે છે તે અદ્‌ભુત હોય છે–દૂરદૂરથી માત્ર પંખીને ઠેકાણે કાળાં ટપકાં જ દેખાય.

એવાં કાળાં ટપકાંનું ટોળું એક ઝોક લઈને રાસમંડળ રચે તો બીજે ઝોકે એમાંથી દુનિયાના એકાદ ખંડનો આકાર ધારણ કરે, ત્રીજા ઝોકે કોઈ અવધૂતનો આકાર ઉઠાવે તો ચોથા ઝોકે વેરાઈ જતા ધાન જેવો ધોધ રજૂ કરે. આકાશના પટ પર આવાં અવનવાં રૂપ આલેખતી એ પંખી--વાદળી થોડાક વખતમાં તો અલોપ થઈ જાય.

આમ અનેક રીતે આપણી સામે રૂપ રજૂ કરતાં આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુંજ આપણે ત્યાં ચાર--છ માસ રહે, એ પછી તો એ અલોપ થઈ જાય. એનાં માળા, ઈંડાં કે બચ્ચાં તો જોવા ન મળે, એટલે લોકો વિચારમાં પડી જાય ને ?

આપણા લોકો તો પૂર્વમાં જાવા અને પશ્ચિમમાં આફ્રિકા સુધી પ્રવાસ ખેડનારા. મહેરામણ નામથી ઓળખાતા અરબ્બી સમુદ્ર તરફથી કુંજડીને તેમણે આવતી જોઈ અને મહેરામણ તરફ જતી જોઇ એટલે તેમણે માની લીધું કે કુંજડી મહેરામણના કોઈ બેટમાં જ માળા બાંધીને ઈંડાં મૂકતી હશે. એ બેટ કોણે જોયો હોય ? તેમણે આ કુંજ–પંખીનો પ્રેમ જોયો હોય એટલે એનાં માળા અને બચ્ચાં વિષે કલ્પનાજ કરવા લાગ્યા અને કલ્પનાઓને ભજનમાં ઉતારી કે—

મે'રામણ માયાળુ રે બચ્ચાં મેલ્યાં બેટમાં રે,
બચ્ચાં છોડી હાલ્યાં દેશ-વિદેશ.
આઠ–નવ માસે રે આવી બચ્ચાં ઓળખ્યાં રે,
લીધી છે કાંઇ સૌએ સૌની સંભાળ—

લોકોએ માન્યું કે દરિયાના બેટમાં બચ્ચાં તો ઊછરે, પણ બચ્ચાં હજી મોટાં તો થયાં જ ન હોય–એમની પાંખોમાં જોર તો આવ્યું ન હોય એ વખતે કુંજને તો પરદેશ જવાનું થાય. બચ્ચાંને સાથે કેવી રીતે લઈ જાય ? તેઓ તો માયાળુ દરિયાને ખોળે બચ્ચાંને મૂકીને પરદેશ ચાલ્યાં જાય.

આઠ--નવ માસે કુંજ પાછાં વળે ત્યારે બચ્ચાં તો ઘણાં મોટાં થઇ ગયાં હોય, છતાં એ પંખી પોતપોતાનાં બચ્ચાંને ઓળખી કાઢે. માબાપના અદ્ભુત પ્રેમની કેવી મજાની કલ્પના ! પણ લોકોનાં મનમાંથી જ ઊભી થયેલી આ કલ્પના વળી બીજા ભજનમાં એથીયે આગળ વધે છે કે—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હેત તો વખાણીએ કુંજ તણું,
એ તો મેલી મેરામણ જાય.
સેવાઇ સેવાઇને સામાં મળે
એ તો આપેઆપનાં ઓળખાય,
તમે એસો દિલ રાખો રામસું—

બચ્ચાં નહિ, ઈંડાં જ મૂકીને કુંજ–પંખી પરદેશ ચાલ્યાં જાય. તેઓ પરદેશ રહે તે દરમિયાન ઈંડાં પોતાની મેળે દરિયાના બેટને ખોળે સેવાઈ જાય. જ્યારે આસો માસે કુંજ-પંખી પાછાં વળે ત્યારે પોતપોતાનાં બચ્ચાંને ઓળખી જાય ! માતાપિતાના પ્રેમની અદ્‌ભુત કલ્પના જ કરી નાખી છે ને ?

આવા અદ્‌ભુત પ્રેમી પંખીનાં બચ્ચાંની મા નાનપણમાં જ મરી જાય તો બચ્ચાંની શી દશા થાય ? બચ્ચાં કેવાં નિરાધાર બની જાય ? આ કલ્પના તો માતાઓ જ કરી શકે ને ? આપણે ત્યાં કોઇ જુવાન સ્ત્રી મરી જાય તો પાછળ તેનાં બાળકોની નિરાધાર દશા પર સ્ત્રીઓ છાજિયાંમાં ગાય છે કે—

હાં રે સખા ! સાંભળ્યને રે ! કુંજ વિયાણી રાનમાં
હાં રે સખા ! સાંભળ્યને રે ! બચલાં મેલ્યાં તે એણે બેટમાં
હાં રે સખા ! સાંભળ્યને રે ! ચાંચ વિના તે શેણે ચૂગશે ?
હાં રે સખા ! સાંભળ્યને રે ! પાંખ વિના તે શેણે ઊડશે ?

બેટની વચ્ચે મૂકેલાં બચ્ચાં હજી નાનાં હોય ત્યાં જ કુંજ મરી જાય. હજી ચાંચ કે પાંખમાં તાકાત ન આવી હોય. તેઓ કેવી રીતે ચણ ખાય ? કેવી રીતે ઊડે ?

પણ આ બધી તો કલ્પનાઓ–કુંજ કયાં ઈંડાં મૂકે છે અને ઉછેરે છે તે જોયું નથી તેથી જ પેદા થયેલી કલ્પનાઓ. પણ સાચી વાત તો એ છે કે કુંજ પોતાનાં બચ્ચાં દક્ષિણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુરોપ, ઉત્તર તેમ જ મધ્ય એશિયાનાં વિશાળ મેદાનોમાં પાણીકાંઠે ઉછેરે છે. કોઈ કોઈ કુંજનાં ટોળાં તો ઉત્તરમાં ઠેઠ સાઇબીરિયા અને લામલાનુ જેવા ઠંડા મુલક સુધી પણ પહોંચી જાય છે. ફાગણુ માસ ઊતરતાં કુંજનાં ટોળાં આપણા દેશમાંથી તેમના વતન તરફ પાછાં વળે છે. ત્યાં ગયા બાદ તેમનો ઈંડાં મૂકવાનો સમય શરૂ થાય છે.

ઈંડાં મૂકતાં પહેલાં બધાં પંખી ખૂબ આનંદમાં આવી જાય છે તેમ કુંજ પણ ખૂબ આનંદમાં આવી જાય છે. આ આનંદ કોઈ પંખી ગાનમાં બતાવે તો કોઈ નાચમાં બતાવે છે. કુંજ પોતાનો આનંદ નાચમાં રજૂ કરે છે.

જે કુંજનું બીજું જીવન પણ અદ્ભુત છે તેનું નૃત્ય પણ અદ્ભુત હોય છે. એ જ્યારે મસ્તીમાં આવી જાય છે ત્યારે તેમાંથી આ નૃત્ય ઊભું થઈ જાય છે. ટોળામાં જ રહેતાં અને ટોળામાં જ ઊડતાં આ નૃત્ય પણ ટોળાંમાં જ થાય છે.

સવારનો ઠંડો પહોર, આછો આછો વાયરો વાતો હોય, સૂર્યનારાયણુ પોતાનાં તેજ-કિરણો ધરતી પર ફેંકી રહ્યા હોય, આવે વખતે કુંજનું નૃત્ય શરૂ થાય છે.

તેઓ કોઈ તળાવ, સરોવર કે નદીને કાંઠે પાણી પાસે જઈ ને હારબંધ ઊભાં રહે છે-જાણે પેરેડ માટે કોઇ લશ્કર ગોઠવાઈ ગયું હોય તેમ જ લાગે. બરાબર ગોઠવાયા બાદ બધાં પંખીઓ એક સાથે તેમનાં માથાં જમીન તરફ ઝુકાવે-જાણે જમીનને નમસ્કાર કરી રહ્યાં છે. બીજી ક્ષણે માથાં ઊંચાં કરે. એકક્ષણે, એકસાથે, કોઇની કશી સૂચના વગર, તેઓ એકસાથે આ રીતે માથાં ઝુકાવે અને ઊંચાં કરે. કોઈ ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



કુંજનું સંવનનકાળનું સમૂહ-નૃત્ય

આગળ પડે, કોઇ ન પાછળ રહી જાય. માથાં ઊંચાંનીચાં થતાં હોય ત્યારે આંખની કલગીઓ અને પાંખનાં પીછાં ફરફર્યાં કરે અને નૃત્યને વિશેષ શોભાવે.

થોડો વખત આ રીતે માથાં ઊંચાંનીચાં કરી લે પછી જ ખરું નૃત્ય તો શરૂ થાય. તેઓ થનગનવા લાગે અને ફેરફૂદડી ફરવા લાગે. ફેરફૂદડી ફરતાં ફરતાં સૌથી આગલી હાર આગળ ખસે. એ હાર જઇને ત્યાં ઊભી ઊભી ફેરફૂદડી ફર્યાં કરે ત્યાં બીજી હાર થનગનતી થનગનતી આગળ આવે.

આમ એક પછી એક અનેક હારો નૃત્ય કરતી કરતી આગળ આવતી જાય. તેઓ જ્યારે આગળ વધતાં હોય ત્યારે એકેએક કુંજના પગ એકસાથે પડે, એકસાથ ફૂદડી ફરે–કોઇ આગળ નહિ, કોઈ પાછળ નહિ.

આ જાતનું નૃત્ય તેઓ હમેશાં સવારે અને સાંજે પાણી–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાંઠે આવીને કર્યા કરે. નૃત્ય કરતી વખતે તેમનો આનંદ ક્યાંયે સમાતો ન હોય.

થોડા દિવસ આ નૃત્ય ચાલે. એ પછી તેમનો ઈંડાં મૂકવાનો વખત શરૂ થાય. તરત તેઓ પોતાનું નૃત્ય બંધ કરી દે અને બબ્બેને જોડકે વહેંચાઈ જાય. વિશાળ મેદાનોના ઘાસમાં તેઓ પોતાના માળા બનાવી લે. મોટે ભાગે માળા બનાવવામાં ઘાસનો જ ઉપયોગ કરે. મેદાન પર નજર નાખીએ તો માળે માળે બેઠેલાં પંખીઓ દૂર દૂર સુધી સળવળતાં દેખાય.

આ માળામાં તેઓ બેથી ત્રણ ઈંડાં મૂકે. ઈંડાં સેવીને બચ્ચાં બહાર નીકળે એટલે તેમને લાવી લાવીને ખોરાક ખવરાવે. બચ્ચાં પણ આસપાસથી ખોરાક મેળવ્યા કરે. બચ્ચાં થોડાંક મોટાં થાય એટલે તેમને લઈને કુંજ પાણીકાંઠે આવીને વસે. થોડો સમય ત્યાં રહી બચ્ચાં ઊડવાની શક્તિ મેળવી લે એટલે તેઓ પરદેશ જવાની પાછી તૈયારી કરે.

હજારો પંખીઓ સાથે હોય તેમાંથી મનગમતાં ટોળાં બાંધી લે અને પ્રવાસે ઊપડે. રાતને વખતે ઊડતાં જાય, સવારને પહોર આકાશી પટ પર તોરણ અને વીંજણાના દેખાવ લોકોને બતાવી વચલા પ્રાંતોમાં થાક ખાતાં જાય અને આગળ વધતાં જાય.

આપણે ત્યાં શરદઋતુ બેસે અને આકાશ વાદળવિહોણું બને એ વખતે તેઓ આપણે દેશ ઊતરે. તેમને ગામને માથેથી પસાર થતાં જ પાદરે આવેલાં છોકરાં લલકારી ઊઠે કે—

કુંજડી કુંજડી...મારા મામાને રામરા...મ...કહેજે...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. કુલંગ અથવા ઘઉંલાં

આપણાં લોકોને કામકાજની હાયવરાળ આડે પંખીઓ તરફ નજર નાખવાનો વખત જ કયાં મળે છે? તેઓ તો નાના પંખીને ચકલી કહે, એથી નાનું દેખાય તો ટપુશ્ચકલી કહે. મોટાં પંખી એટલાં પારેવાં, હોલો ને મોર. તેઓ આકાશના ઊંચા પટ પર ઊડતાં કુંજની જેટલી જ સંખ્યામાં આવતાં અને કુંજનાં જ પિતરાઈ કુલંગ-ને જુદાં કયાંથી ઓળખે? કુંજની લગભગ સાથોસાથ જ તેઓ આપણે ત્યાં આવે, કુંજની જેમ જ તેઓ આકાશ પર જાતજાતનાં દશ્યો બતાવે, પછી લોકો તેમને કુંજ કહે તેમાં નવાઈ શી?



કુલગ અથવા ઘઉંલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાલમાં ઘઉંટાણે હજારોની સંખ્યામાં ઊતરી પડે છે તે આ કુલંગપંખી. ઘઉંને વખતે જ આવે તેથી ભાલનાં લોકો તેમને ઘઉંલાં તરીકે જ ઓળખે છે. ત્યાં એને કુલંગ તો શું, કુંજ કહીએ તોપણ લોકો ઓળખે નહિ.

ઘઉંલાં ચણાના વાવેતરમાં ભારે નુકસાન કરે. તાજા કોંટા ફૂટેલ ચણાને ખોતરીને ખાઈ જાય અને ખેતરનાં ખેતર સાફ કરી નાખે. ખેડૂતો એને ઉડાડવા માટે ખડેપગે ઊભા રહે, નહિ તો ખેતરમાં કાંઈ રહેવા ન પામે.

આ કુલંગપંખી કુંજ કરતાં અર્ધોક ફૂટ મોટું ખરું, પણ તેને કુંજની પેઠે આંખની પાછળ સફેદ પીછાંની કલગી નથી હોતી, ઉપરાંત કુંજને ડોકથી તે છાતી સુધી કાળાં ઢળકતાં પીછાં હોય છે તે પણ નથી હોતાં. અલબત્ત, એની પોતાની પૂછડીનાં પીછાં ગુચ્છા જેવાં હોય છે.

જેમ કુંજને અમુક રૂપ મળ્યું છે તેમ કુલંગને બીજી જાતનું રૂપ મળ્યું છે. કુલંગનું માથું, દાઢી, ગાલ અને ડોકનો આગલો ભાગ કાળો હોય છે. આંખની પાછળ થઈ ને ટિટો-ડીની પેઠે ડોકની બંને બાજુ સફેદ પટ્ટા ચાલ્યા જાય. એના માથાની ચામડી સારસની પેઠે લાલ રંગથી શોભતી હોય છે. બાકી એના આખા શરીરનો આસમાની રંગ, ચાંચનો લીલો રંગ, પગનો કાળો રંગ—એ બધુંયે બરાબર કુંજના જેવું જ.

એનું બીજું જીવન પણ કુંજના જેવું જ. નદીકાંઠે રાત ગાળે, સવારને પહોર ખેતરે ખેતરે પહોંચી જાય, આવે પણ લગભગ શરદઋતુમાં, ટોળાંમાં જ ઊડે અને કુંજના જેવા જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિવિધ આકાર આકાશ પર રચે. ઊડવાની રીત પણ કુંજ જેવી જ.

કુંજ આપણે ત્યાં મધ્ય યુરોપમાંથી આવે અને કુલંગ મોટે ભાગે આફ્રિકાથી આપણે ત્યાં આવે છે. લગભગ સરખી જ સંખ્યામાં આવે છે, પણ મોટે ભાગે જ્યાં કુંજ ઊતરે ત્યાં કુલંગ ન ઊતરે. કુંજ કાઠિયાવાડમાં હાલાર અને સોરઠ તરફના ભાગમાં ખાસ કરીને પથરાય છે, જ્યારે કુલંગ કાઠિયાવાડના પૂર્વકાંઠા તરફ અને ભાલમાં ઊતરે છે. લોકો તો બંનેને કુંજ નામથી જ ઓળખે છે. શિકારી તેમને કુલંગ નામથી જુદાં પાડે છે.

આ કુલંગ પંખી પહેલાં ઇંગ્લંડમાં માળા બાંધતું, પણ તેનું માંસ મીઠું લાગતાં ત્યાં એનો શિકાર બહુ થવા લાગ્યો એટલે તેણે હવે ત્યાં માળા બાંધવા છોડી દીધા છે. એડવર્ડ ચોથાના વખતમાં એક ખાણામાં ૨૦૦-૩૦૦ કુલંગ પંખી રંધાતાં. આવી સ્થિતિમાં કુલંગ એ પ્રદેશ છોડે તેમાં શી નવાઈ ?

યુરોપમાં કુલંગ માટે ઘણી માન્યતાઓ ઘરડા લોકોમાં હતી, તેઓ માનતા કે ઊડતી વખતે કુલંગ પંખી ચાંચમાં પાણો રાખે છે. જો ગરુડ કે બાજ તેમના પર હલ્લો કરે તો તેમનો સામનો આ પાણાથી કરી શકાય.

બીજા વળી એમ માનતા કે રાત્રે એનાં ટોળાં જમીન પર ઊતરે ત્યારે અમુક પંખીને તેઓ ચોકીદાર નીમે. ચોકીદાર કુલંગ એક પગે ઊભું રહે અને બીજા પગમાં પાણો પકડી રાખે-કદાચ ઊંઘ આવી જાય તો બીજા પગમાંથી પાણો પડી જાય, એનો અવાજ થાય અને ચોકીદાર જાગી જાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારું બાલ-કિશોર સાહિત્ય

[કુલ ૨૧ પ્રકાશનોમાંથી નીચેનાં પ્રાપ્ય છે.]

૧. જંગલમાં મંગલ ભા. ૧-૨ (હરજીવન સોમૈયા) ૦-૧૧-૦
પશુજીવનની વાર્તા

૨. ગુંજારવ (ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ) ૦-૫-૦
બાલગીતોનો સંગ્રહ

૩. કેસૂડાં (ગુલાબસિંહ બારોટ) ૦-૬-૦
બાલવાર્તાઓનો સંગ્રહ

૪. જાબુંની ડાળે (ઇન્દ્ર વસાવડા) ૦-૮-૦
જ્ઞાન અને ગમ્મત આપતી સાહસકથા

૫. પંચગનીના પત્રો (સ્વ. ચમનભાઈ વૈષ્ણવ) ૦-૪-૦
જ્ઞાન આપતું રસદાયી પ્રવાસવર્ણન

૬. કેમ અને કયારે ? ભા. ૧ (ડુંગરસી સંપટ) ૦-૫-૦
વિમાનનો ઇતિહાસ

૭. હજીય મને સાંભરે છે (સ્વ. ગિજુભાઇ) ૦-૩-૦
સ્વ. ગિજુભાઇના નાનપણનાં સંભારણાં

૮. તુલસીનાં પાન (લાભુબેન મહેતા) ૦-૪-૦
મનગમતી બાલવાર્તાઓ

૯. સૌની વાતો ભા. ૧-૨ ૦-૧૦-૦
જુદા જુદા લેખકોની બાલવાર્તાઓ

૧૦. એનું નામ નરેન્દ્રકુમાર (લાભુબેન મહેતા) ૦-૪-૦
સળંગ બાલકથા

૧૧. શંકરાચાર્ય (હરજીવન સોમૈયા) છપાય છે
શંકરાચાર્યના જીવનચરિત્રની બીજી આવૃત્તિ

૧૨. પ્રવાસપત્રો (રામભાઈ પાઠક) છપાય છે
દિલ્હીથી કલકત્તા સુધીનું પ્રવાસવર્ણન

ભારતી સાહિત્ય સંઘ

૧૩૮, મેડોઝ સ્ટ્રીટ, કોટ, મુંબઇ :: ૧૬, શ્રીમાળી સોસાયટી અમદાવાદ-૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પક્ષી-પરિચય ગ્રંથાવલિ

લેખકો

નિરંજન વર્મા · જયમલ્લ પરમાર

આપણી આ:પાસ વસતાં અને બાળકોથી માંડી બુઢ્ઢાંને સૌંદર્ય, નૃત્ય ને સંગીતથી અહોરાત આનંદ આપતાં ચાલીસ જેટલાં પંખીઓનો અરુણો-કિશોરો રસપૂર્વક વાંચી શકે તેવો વાર્તામય પરિચય આપતી છ પુસ્તિકાઓ.

[૧] **આંગણાંનાં શણગાર**—ચીંચીં કરતી ચકલી, ઘૂઘૂ કરતું પારેવું અને કલબલાટ કરતી કાબર તમારાં આંગણાંનો શણગાર છે. એ શણગારનું સૌંદર્ય તમે કદી નીરખ્યું છે ?

[૨] **ઊડતાં ભંગી**—જ્યાં આપણા ભંગીઓનું કામ અટકે છે ત્યાંથી પંખીસમાજનાં કાગડો, સમળી અને ગીધ સાફસૂફીનું ભંગીકાર્ય શરૂ કરે છે. એમનું એ શુભકાર્ય તમે જોયું છે ?

[૩] **વગડામાં વસનારાં**—વગડા, ખેતર અને ગાડામાર્ગો પર કદી રખડવા ગયા છો ? એ સ્થાનોને જીવંત બનાવતાં લેલાં, હોલાં અને લક્કડખોદ તરફ તમારું ધ્યાન ગયું છે ?

[૪] **રૂપરૂપનાં અંબાર**—જેમનાં સૌંદર્ય નીરખવામાં માનવી કદી થાકતો નથી તેવાં સૌંદર્યમણિ મોર, પોપટ ને કલકલિયાનાં દર્શન તમે નિકટ જઇને કર્યાં છે ?

[૫] **કંઠે સોહામણાં**—રાતદિવસ લગાતાર સાંભળો તોયે રસ ન ખૂટે એવા કોયલ, બપૈયો અને કાળાકોશીનાં ગાન તમે કદી આનંદપૂર્વક સાંભળ્યાં છે ?

[૬] **પ્રેમી પંખીડાં**—જોડી તૂટતાં માથાં પછાડીને મરી જતાં કહેવાતાં સારસ, કુંજ અને હંસનાં તમે નિરીક્ષણ કર્યાં છે ?

ઘેરબેઠાં છયે પુસ્તિકાઓ માત્ર રૂ. ચારમાં

ભારતી સાહિત્ય સંઘ, કોટ, મુંબઇ – અમદાવાદ - ૬

આ છયે પુસ્તિકાના બ્લૉકો વાપરવા આપવા માટે અમે કાઠિઆવાડ લિ., રાણપુરના આભારી છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar